THE MEHTA GROUP

Visit our website:
www.mehtagroup.com

જાન્યુઆરી - જૂન ૨૦૨૧

# Gajgamini

THE HOUSE JOURNAL OF THE MEHTA GROUP

'ગજગામિની' એટલે હાથીની નિશ્ચિત અને પ્રભાવશાળી ચાલ. મજબૂત... આત્મવિશ્વાસથી ભરપૂર... અને સજાગ. આ પ્રતિભાવંત પ્રાણીના આ બધા જ સકારાત્મક ગુણો મહેતા ગ્રુપમાં પણ રહેલા છે.

Snowcem PAINTS

હવે

## સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડનું

નવું નજરાણું



# નવી શરૂઆત







અમે મહેતા ગ્રુપ ખાતે તોફાનની સામે ઝઝૂમીને અને ગમે તેવા સંજોગોમાં આગળ વધતા રહીને અમારી શક્તિને વધુ મજબૂત બનાવવામાં દ્રઢપણે માનીએ છીએ. સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ આ ગળાકાપ સ્પર્ધાયુક્ત ગતિશીલ ઉદ્યોગમાં આટલા વર્ષો સુધી સફળતાના શિખરો સર કરી રહી છે. સાહસિક પરંતુ વાસ્તવિક બિઝનેસ નિર્ણયો સાથે પોતાનું એક અલગ અને વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરવામાં સફળ રહી છે.

હાલમાં ચાલી રહેલી કોરોનાની મહામારીએ સમગ્ર ઉદ્યોગજગતમાં હાહાકાર મચાવ્યો છે તેમ છતાં સૌરાષ્ટ્ર સિમેન્ટે તમામ પડકારોમાં હતાશ થઈ જવાને બદલે સ્નોસેમ પેઈન્ટસ પ્રાઈવેટ લિમિટેડને તાજેતરમાં રજૂ કરીને ઉદ્યોગજગતમાં એક કદમ આગળ ભર્યું છે.

**પેઈન્ટ ઉદ્યોગમાં સૌરાષ્ટ્ર સિમેન્ટના પ્રવેશને એક કંપની તરીકે ઉંચું સ્થાન અપાવશે કે જે બાંધકામના ક્ષેત્રમાં તમામ પ્રકારના બાહ્ય અને આંતરિક પ્રશ્નોને હલ કરી દેશે. આમ, આ ગ્રુપ હવે બિલ્ડિંગની જરૂરિયાતની કેટેગરીમાં 'વન–સ્ટોપ–સોલ્યૂશન' તરફ આગળ વધી રહ્યું છે.**




૨૦૧૯માં આગ્રા ખાતે યોજાયેલ ૨૯મી ઈન્ડિયન પેઈન્ટ કોન્ફરન્સ દરમ્યાન ઇન્ડિયન પેઈન્ટસ અને કોટિંગ્સ ઈન્ડસ્ટ્રીઝના સૌથી મોટા એવા ટ્રેડ–શૉ માં એવું જાહેર થયું હતું કે હાલ રૂા. ૫૦ હજાર કરોડની કિંમતની ઈન્ડિયન પેઈન્ટ ઇન્ડસ્ટ્રી હવે વધારે સારી માર્કેટ પ્રાઈઝથી વિકાસ પામીને ૨૦૨૧–૨૦૨૨ સુધીમાં રૂા. ૭૦ હજાર કરોડની આસપાસ પહોંચનાર છે.

ઇન્ડિયન પેઈન્ટ ઈન્ડસ્ટ્રી અને દેશના જીડીપી ગ્રોથ વચ્ચે મજબૂત સંબંધ છે, તેના કારણે ઐતિહાસિક રીતે ભારતનો જીડીપી ગ્રોથ ૧.૫ થી ૨ ગણો જેટલો વધી ગયો છે.






# મહેતા ગ્રુપ ઓફ કંપનીઝના ભાગ તરીકે સ્નોસેમને આવકાર

આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતી સ્નોસેમ બ્રાન્ડનો શુભારંભ છેક ૧૯૪૦થી યુનાઈટેડ કિંગડમમાં થયો હતો. ભારતમાં ૧૯૫૯માં મુંબઈ ખાતે જ્યોર્જ લિલિન્ગટને તેનું લોન્ચિંગ કર્યું હતું અને ત્યારથી દેશમાં એક અગ્રણી વ્યાપક બાહ્ય પેઈન્ટ બ્રાન્ડ તરીકે દેશમાં પ્રસ્થાપિત થયેલ છે.

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી બ્રાન્ડનું કેન્દ્ર હંમેશા પ્રોડક્ટ ડેવલપમેન્ટ અને ક્વૉલિટી પર રહેલ છે. માર્કેટમાં બ્રાન્ડની પોતાની પ્રતિષ્ઠાને કારણે બિલ્ડર અને ડેવલપર્સની સમગ્ર ભારતમાં પસંદગીનું કેન્દ્ર બનેલ છે.

કોઈપણ બાંધકામમાં સિમેન્ટ અને પેઈન્ટનું એક અનેરું વિશિષ્ટ મહત્ત્વ હોય છે. સિમેન્ટ સ્ટ્રક્ચરને મજબૂતાઈ આપે છે, જ્યારે સારા પેઈન્ટનું સંપૂર્ણ કોટિંગ તેને બાહ્ય અને આંતરિક બંને રીતે સુરક્ષા કવચ પૂરું પાડે છે અને સમગ્ર બિલ્ડિંગને એક નવી સુંદરતા બક્ષે છે.


આમ, સિમેન્ટ અને પેઈન્ટ વચ્ચેના આ પ્રકારના સુદ્દઢ આંતરિક સંબંધોના પરિબળના કારણે અમે પેઈન્ટ ઇન્ડસ્ટ્રીમાં પ્રવેશવા માટે પ્રેરાયા છીએ અને સ્નોસેમની બ્રાન્ડ ઇમેજને ધ્યાનમાં રાખી સ્વાભાવિક છે કે અમે માર્કેટમાં શ્રેષ્ઠ ગ્રુપ સાથે હાથ મિલાવ્યા છે.

છ દાયકાના સુદીર્ઘ અનુભવ ઉપરાંત જેની સૌથી વધુ માર્કેટમાં માંગ છે એવા સેન્ડટેક્ષ મેટ્ટ અને સ્નોસેમ સિમેન્ટ પેઈન્ટ પણ સ્નોસેમ પેઈન્ટસ ગ્રુપમાંથી જ આવ્યા હોવાથી ભૂતકાળમાં પણ તેઓ અગ્રણી અગ્રેસર અને બાહ્ય પેઈન્ટ નિષ્ણાત તરીકે રહ્યા હતા અને લાંબા સમય સુધી ઈન્ડિયન એક્સ્ટીરિયર પેઈન્ટ માર્કેટમાં તેમનું વર્ચસ્વ હતું.

# સ્નોસેમ શા માટે ?

- ગ્રાહકો અને પેઈન્ટસમાં સૌથી વિશ્વાસુ બ્રાન્ડ
- પેઈન્ટસ માટે વન-સ્ટોપ-શોપ સોલ્યુશન
- ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ નહીં = નાણાંનું સાચું મૂલ્ય
- ભારતમાં પર્યાવરણ-સાનુકૂળ પેઈન્ટસના અગ્રણી
- સમગ્ર ભારતમાં ઉપલબ્ધ અને શ્રેષ્ઠ આફ્ટર સેલ્સ સર્વિસ
- ૨૪ કલાક ટેકનિકલ સહાય સેવા

# સ્નોસેમની સફરની ખાસિયતો :




છ દાયકા લાંબી સફરમાં સ્નોસેમની પાસે અસંખ્ય નવતર પાસાઓ અને વિશિષ્ટતાઓ જોવા મળી છે.

સ્નોસેમે વોટર બેઝડ લિક્વિડ પેઈન્ટસ જેવી નવા યુગની નવતર પ્રોડક્ટસ શરૂ કરવાનું સાહસ કર્યું હતું અને યુનિગ્લોસ તેમજ અન્ય પર્યાવરણીય સાનુકૂળ પેઈન્ટસની વિવિધ રેન્જ બજારમાં રજૂ કરી હતી.

કંપની બાહ્ય પેઈન્ટસ, આંતરિક પેઈન્ટસ, ઈનેમલ્સ, પ્રાઈમર્સ, સિમેન્ટ પેઈન્ટસ, પુટ્ટી વગેરેની કેટેગરીમાં કલરના ૧૪૦૦થી વધારે શેડ્સ મોટી માત્રામાં રજૂ કર્યા છે.

વર્ષોથી સ્નોસેમ ભારતમાં સિમેન્ટ-બેઝડ પેઈન્ટના નામે મજબૂત વ્યાપક બ્રાન્ડ ધરાવે છે અને ૨૦૦૦૨ના આરંભે કંપની દેશમાં સિમેન્ટ પેઈન્ટની સૌથી મોટી ઉત્પાદક કંપની હતી.

હાલ કંપની મહારાષ્ટ્રમાં નાસિકના સિન્નાર ઉપરાંત રાજસ્થાનમાં ગોતાન અને તામિલનાડુમાં ગુમ્મુદીપુંદી ખાતે ઉત્પાદન એકમો ધરાવે છે.



સ્નોસેમનો નાસિક ખાતેના સિન્નારનો પ્લાન્ટ







સ્નોસેમના કર્મચારીઓ સાથે મળીને વિવિધ તહેવારોની ઉજવણી કરે છે.

કંપની 'નો ચોર વિઝ્યુલાઈઝ, બજેટ કેલ્યુકેશન' વગેરે જેવી વિવિધ પહેલ હાથ ધરીને પ્રતિસ્પર્ધી કરતા આગળ છે અને ગ્રાહકોનો રસ અને સંતોષ મેળવવા માટે કંપની કોઈ બાંધછોડ કરતી નથી.

સોલ્યૂશન્સની સમગ્ર રેન્જમાં ઈમારતોનું નિરીક્ષણ, કલર સ્કીમને આખરી ઓપ આપવો, સ્થળ પર જ નમૂનાનો ઉપયોગ કરીને તેમજ દરેક ગ્રાહકના બજેટનો અનુકૂળ એવી કિંમત પર પેઈન્ટ કોમ્બિનેશનનું ધ્યાન દોરવા સાથેની મૂલ્યવર્ધિત ટેકનિકલ સેવાઓનો સમાવેશ થાય છે.

સ્નોસેમ પોતાના ગ્રાહકોને નવી અને સુધારેલી પ્રોડક્ટ્સ ઓફર કરીને પોતાના પ્રતિસ્પર્ધી કરતાં હંમેશા એક ડગલું આગળ રહીને પોતાની પ્રોડક્ટ ડેવલપમેન્ટ ક્ષમતાનો હંમેશા ગર્વ લે છે.

સ્નોસેમ પોતાના આર એન્ડ ડી વિભાગ પર ગર્વ લે છે કે જે સ્માર્ટ પેઈન્ટ સોલ્યુશન્સને વિકસાવવા માટે સમર્પિત છે. તેમના વૈજ્ઞાનિક અને પેઈન્ટ નિષ્ણાતોની ટીમ પર્યાવરણીય–સાનુકૂળ હોવાની બાબત પર કોઈ પણ બાંધછોડ કર્યા વગર દરેક પ્રોડક્ટ ગુણવત્તાના નિર્ધારીત ધોરણોની પૂર્તતા કરે તે સુનિશ્ચિત કરવા અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે.

# કંઈક નવું, કંઈક અનોખું




સ્નોસેમ પાસે બ્રાન્ડના પુરસ્કર્તાઓ અને નિર્માતાઓ તેમની પ્રોડક્ટ પ્રત્યેક સ્તરે અલગ તરીકે આવે તે સુનિશ્ચિત કરવા સતત સઘન પ્રયાસો કરે છે, તેના ફળસ્વરૂપે પર્યાવરણ સાનુકૂળ પ્રોડક્ટનું સર્જન કર્યું છે અને આમ, બિન–પ્રદૂષિત જળ–આધારિત પેઈન્ટસને પ્રમોટ કરીને પર્યાવરણનું જતન કરવામાં અનિવાર્ય ભૂમિકા ભજવે છે. તમામ સ્નોસેમ પેઈન્ટસ અને પ્રોડક્ટસ લેડ, મરક્યુરી અને ક્રોમિયમ મુક્ત હોય છે.

બ્રાન્ડ દ્વારા ફેક્ટરીના ઉત્સર્જકોની ટ્રીટમેન્ટ માટે અત્યંત અદ્યતન અને આધુનિક સિસ્ટમ વિકસાવી છે. આ સિસ્ટમ અપનાવવા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ભયજનક કેમિકલ્સથી આપણા પ્રાકૃતિક સંસાધનોને સુરક્ષિત કરવાનો છે અને આપણી ભાવિ પેઢી તેના નુકસાનથી દૂર રહે તે સુનિશ્ચિત કરવાનો છે.


સ્નોસેમ શ્રેણીબદ્ધ પ્રોડક્ટસ ઓફર કરે છે અને હરિયાળા આવરણ માટે નિયત કડક આંતરરાષ્ટ્રીય ધોરણોની પૂર્તતા કરે તેવી ઇકોનોમિકથી લઈને અલ્ટ્રા લક્ઝરી ટકાઉ કાર્યક્ષમતા ધરાવતા વિવિધ પેઈન્ટસની રેન્જનો સમાવેશ થાય છે. બ્રાન્ડ તમામ હિતધારકોની કાળજી રાખે છે અને તેના કર્મચારીઓ, ગ્રાહકો, પર્યાવરણ અને પૃથ્વીની સુરક્ષા અને સ્વાસ્થ્યને ટોચની અગ્રતા આપે છે.

## સામાજિક પહેલ

કંપની તાજેતરમાં પોતાની દર્શનીય પહેલ 'ચલ રંગ દે' માટે સમાચારોમાં ચમકી હતી. સ્વચ્છ ભારત અભિયાનના ભાગરૂપે મુંબઈના સ્લમ્સ વિસ્તારોને સ્વચ્છ કરીને તેના રંગરોગાન કરવાના કાર્યને સમર્પિત હતી.

કંપનીએ આ પહેલ પાછળ ૪૦૦ લીટર પેઈન્ટનો ઉપયોગ કર્યો હતો. આ પહેલ ફુટબાઉલ ડિજિટલ સાથે મુંબઈ મેટ્રો એન્ડ કંપની લેબ એશિયાની નીપજરૂપ હતી. આ પહેલ મુંબઈના ગીચ વિસ્તારવાળા ઘાટકોપરમાં અસાલ્ફ વિલેજના ઢાળ પર હાથ ધરવામાં આવી હતી.

આ પહેલ પાછળનો હેતુ શહેરની સુરત બદલી શહેર સ્લમ્સનું આર્ટ કેનવાસમાં રૂપાંતર કરવાનો હતો, જેના કારણે માત્ર રાહદારીનો દૃષ્ટિકોણ જ બદલાયો નહોતો, પરંતુ રહેવાસીઓમાં પણ સકારાત્મક ભાવના અને લાગણીનું સર્જન થયું હતું.



CHAL RANG DE




આ અભિયાનમાં શહેરના ૩૦૦થી વધુ સ્વયંસેવકો જોડાયા હતા અને આ અભિયાન માટે નિષ્ઠાપૂર્વક મદદનો હાથ લંબાવ્યો હતો. શહેરી સ્લમ્સ પ્રત્યે વિશ્વના દષ્ટિકોણને બદલવાના વિચાર સાથે 'ચલ રંગ દે'ના ચિત્રકારોએ ૧૩૦ ઝૂંપડીઓનું નયનરમ્ય રંગરોગાન કર્યું હતું અને અસાલ્ફ ગામને વાઈબ્રન્ટ રંગો સાથે આઉટડોર આર્ટ ગેલેરીમાં પરિવર્તિત કર્યું હતું.

તેનો તમામ શ્રેય આ અદ્‌ભુત પહેલને જાય છે, આ સ્થળ હવે વિલેજ ઓફ કલર્સ તરીકે ઓળખાય છે.

BEAT PLASTIC POLLUTION

## પ્લાસ્ટિક પ્રદૂષણને જાકારો આપો

વિશેષમાં 'બિટ પ્લાસ્ટિક પોલ્યુશન' અર્થાત્ 'પ્લાસ્ટિક પ્રદૂષણને જાકારો આપો' અંગે જાગરૂકતા લાવવા મુંબઈમાં કાર્ટર રોડ ખાતે પણ દીવાલો રંગવા માટે કંપનીએ રંગ પૂરા પાડ્યા હતા. આ ઈવેન્ટનું સુંદર આયોજન કરાયું હતું અને બોલિવૂડની હસ્તીઓએ હાજરી આપીને સમગ્ર પ્રસંગને રંગીન બનાવ્યો હતો.

સ્વયંસેવકોની મોટી હાજરી, મીડિયા, પ્રેસ કવરેજ અને સેલિબ્રિટીઝની હાજરીએ આ ઈવેન્ટને શાનદાર રીતે સફળ બનાવી હતી. મુંબઈની શેરીઓને સુંદર બનાવવાની સાથે સાથે બિનઉપયોગી પ્લાસ્ટિકના ભયસ્થાનો અંગે પર્યાપ્ત જાગરૂકતા ઉભી કરી હતી.

# ઉજ્જવળ ભવિષ્ય માટે ગ્રુપને મજબૂત બનાવવાની દિશામાં પગલું

સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ સિમેન્ટ ઉદ્યોગ જગતમાં સફળતાની પ્રતિષ્ઠા ધરાવે છે અને સ્નોસેમના પદાર્પણ સાથે ગ્રુપ હવે સફળતાના સોપાનો સર કરશે અને સિમેન્ટ જગતની સાથે સાથે પેઈન્ટ ઉદ્યોગમાં પણ પોતાનું વિશિષ્ટ સ્થાન સ્થાપિત કરવાનો માર્ગ સરળ કરશે.

સ્નોસેમ પેઈન્ટસની કામગીરી દેશભરમાં ચાલે છે. સ્નોસેમ પેઈન્ટસની ટીમ અને ધ મહેતા ગ્રુપ સિમેન્ટ સેગ્મેન્ટ ટીમ હવે સાથે મળીને મહાનગરો, ટાયર-૧, ટાયર-૨ અને ટાયર-૩ શહેરો અને નગરો સહિત દેશભરના તમામ પ્રદેશોમાં સુયોજિત સ્થાન પ્રસ્થાપિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

અમે બ્રાંડના નેટવર્કને વધુ મજબૂત કરીશું અને તેમના તમામ વિક્રેતાઓ, કોન્ટ્રાક્ટર્સ, પેઈન્ટર્સ, સ્પેશિફાયર્સ તેમજ જ્યાં સ્નોસેમનો ઉપયોગ થાય છે એવા સરકારી ક્ષેત્રનો નવેસરથી સંપર્ક કરીશું.

વર્તમાન અગ્રિમતા તમામ સ્ટોક પેઈન્ટસ ખાતે તમામ ટોચની પ્રોડક્ટસ ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવાની અને સારી ગુણવત્તાયુક્ત કાચી સામગ્રી પ્રાપ્ત કરવાની છે કે જે કોઈ પણ પેઈન્ટની કાર્યક્ષમતા માટે મહત્ત્વપૂર્ણ છે.

''અમે સ્નોસેમ બ્રાન્ડ વિશ્વસનિયતા અને ગુણવત્તાની બાબતમાં અગ્રસ્થાને છે''- એવા સંદેશ તમામ હિતધારકોને પાઠવીને સ્નોસેમની પ્રતિષ્ઠા વધુ ને વધુ પ્રસરાવવાની દિશામાં કામ કરીશું.

## પ્રતિષ્ઠાવંત ગ્રાહકો

અમે સ્નોસેમ પેઈન્ટ સાથે અમારા સહયોગથી અત્યંત ખુશ છીએ અને આવનારા સમયમાં વધુ મજબૂત બ્રાન્ડ ઇમેજ ઉભી કરવા કૃતનિશ્ચયી છીએ. અમે આશા રાખીએ છીએ કે સિમેન્ટ અને પેઈન્ટ ડિવિઝન સાથે મળીને વધુ લક્ષ્યાંકો મેળવીશું અને બંને બિઝનેસમાં સર્વગ્રાહી સફળતા પ્રાપ્ત કરીશું.

# અમારા ચેરમેન
# શ્રી મહેન્દ્ર એન. મહેતાનો
# ૨૦મી માર્ચ, ૨૦૨૧ના રોજ
# જન્મદિન સમારોહ





શ્રી એમ. એન. મહેતા - સુશ્રી રાધા મહેતા અને શ્રીમતી સુનયના એમ. મહેતા સાથે જન્મદિન ઉજવી રહ્યાં છે.

અમે આ પ્રસંગે તેમને ખુશીઓ સભર જીવન
અને સારા સ્વાસ્થ્યની શુભકામના પાઠવીએ છીએ.

# સરકારને કોવિડ-૧૯ સામે લડવા માટે એસસીએલનો સહયોગ




ડાબેથી જમણી બાજુ : ડીડીઓ શ્રી વી.કે. અડવાણી, જિલ્લા કલેક્ટર શ્રી ડી. એન. મોદી, ડાયરેક્ટર વર્ક્સ શ્રી નરેન્દ્રસિંઘ, ડીજીએમ-એચએસ ડો. એમ.યુ.વસાવડા અને આસિસ્ટન્ટ વીપી-એચઆર એન્ડ એડમિનિસ્ટ્રેશન શ્રી સંજય જોષી વેક્સિનેશન કેમ્પમાં નજરે પડે છે.

જિલ્લા કલેક્ટર શ્રી ડી. એન. મોદી અને ડીડીઓ શ્રી વી કે અડવાણીએ જ્યારે રસીકરણ અભિયાન દરમ્યાન બૂથની પ્રવૃત્તિનું નિરીક્ષણ કરવા એસસીએલ મેડિકલ સેન્ટર અને ઓએચએસની મુલાકાત લીધી ત્યારે તેમણે ખૂબ પ્રશંસા સાથે એસસીએલના સહયોગને બિરદાવ્યો હતો.

પ્લાન્ટ, ખાણો અને કોલોનીના તમામ વયસ્ક નાગરિકો, કર્મચારીઓ અને તેમના આશ્રિતો તેમજ આજુબાજુના સ્થાનિક લોકોને સરકારની માર્ગદર્શિકા મુજબ આવરી લઈને ગુજરાત સરકારને રસીકરણ અભિયાનમાં સુયોજિત રીતે મદદ કરવાના પ્રયાસોનું નિરીક્ષણ કરતી વખતે ટીમને એસસીએલ મેનેજમેન્ટની પ્રતિબદ્ધતા જોવા મળી હતી.

સરકારી સત્તાવાળાઓએ તેમની મુલાકાત દરમ્યાન પ્રયાસોને આવકાર્યા હતા અને શ્રી નરેન્દ્રસિંઘ, ડાયરેક્ટર વર્ક્સ અને શ્રી સંજય જોષી, એવીપી અને એચઆર એન્ડ એ ની કદર કરીને સરાહના કરી હતી.

માર્ચ–૨૦૨૧ના અંત સુધીમાં એસસીએલએ કોરોના વાઈરસ માટે ૩૦૦થી વધુ લાભાર્થીઓને વેક્સિન આપવાના નોંધપાત્ર મોટા આંકડાને પાર કરી દીધો છે.

**શ્રી નરેન્દ્રસિંઘ અને તેમની ટીમને સર્વાંગી સફળતા બદલ ખૂબ ખૂબ અભિનંદન...**

## એસસીએલ, રાણાવાવ અને જીએસસીએલ, સિધ્ધિગ્રામ ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી

૨૬ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ એસસીએલ, રાણાવાવ અને એનકેડીએવી પબ્લિક સ્કૂલ, સિધ્ધિગ્રામ ખાતે તમામ ગરિમા અને ભવ્યતા સાથે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી.



એસસીએલ, રાણાવાવ ખાતે
પ્રજાસત્તાક દિને
શ્રી નરેન્દ્રસિંઘ રાષ્ટ્રીય ધ્વજ ફરકાવી રહ્યા છે.



એનકેડીએવી પબ્લિક સ્કૂલ,
સિધ્ધિગ્રામ ખાતે પ્રજાસત્તાક દિને
શ્રી દિનેશ રાંદડ રાષ્ટ્રીય ધ્વજ ફરકાવી રહ્યા છે.



સિધ્ધિગ્રામ ખાતે એનકેડીએવી પબ્લિક સ્કૂલમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી.

## સિધ્ધિ લેડિઝ કલબ ખાતે વસંત પંચમી અને વેલેન્ટાઈન દિવસની ઉજવણી

વિશિષ્ટ દિવસોની પરંપરાને જીવંત રાખવાની સાથે સાથે કોવિડ-૧૯ની ગાઈડ લાઈન્સનું કડક પાલન કરીને સિધ્ધિ લેડિઝ કલબ દ્વારા વસંત પંચમી અને વેલેન્ટાઈન ડે પ્રસંગે મનોરંજક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.







સિધ્ધિ લેડિઝ કલબ ખાતે વસંતપંચમી
અને વેલેન્ટાઈન દિવસની ઉજવણી

# કોર્પોરેટ ઓફિસ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિન

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પ્રસંગે સુશ્રી સબિરા મર્ચન્ટ દ્વારા મુંબઈની કોર્પોરેટ ઓફિસ ખાતે તમામ મહિલા કર્મચારીઓ માટે 'મહિલા નેતૃત્વ' પર એક શ્રેષ્ઠ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

વેબિનારની થીમ હતી, "પડકાર આપવાનું પસંદ કરો".

આ ઉપરાંત, શ્રી એમ.એસ. ગિલોત્રા, મેનેજિંગ ડિરેક્ટર અને શ્રી યોગેશ કુમાર શાહ, પ્રેસીડન્ટ, મહેતા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કોર્પોરેટ ઑફિસ ખાતે મહિલા કર્મચારીને પુષ્પો અને ચોક્લેટસ આપીને મહિલા દિનને વિશેષ સ્મરણીય બનાવવામાં આવ્યો હતો.



સુશ્રી ઉમા મહેતા, ડિરેક્ટર ને ફૂલો અને ચોકલેટસ આપી રહેલા શ્રી યોગેશ કુમાર તસવીરમાં નજરે પડે છે.





સુશ્રી શ્રદ્ધા પટેલ, સેક્રેટરી ટુ ઇવીસી અને સુશ્રી સોનાલી સાનસ, પ્રેસિડેન્ટ-લિગલ અને કંપની સેક્રેટરીને ફૂલો અને ચોકલેટ્સ આપી રહેલા શ્રી એમ.એસ. ગિલોત્રા તસવીરમાં નજરે પડે છે.





સુશ્રી મનિષા નાયડુ, ડેપ્યુટી મેનેજર-એચઆર અને સુશ્રી ઇમ્મેક્યુલેટસ ગોન્સાલ્વેસ, સેક્રેટરી ટુ ઈવીસીને ફૂલો અને ચોકલેટ્સ આપી રહેલા શ્રી એમ.એસ. ગિલોત્રા તસવીરમાં નજરે પડે છે.







સુશ્રી પરીના, ફ્રન્ટ ઓફિસ કો-ઓર્ડિનેટર અને સુશ્રી આરતી તિવારી - એક્ઝિક્યુટિવ આસિસ્ટન્ટને ફૂલો અને ચોકલેટસ આપી રહેલા શ્રી ગિલોત્રા તસવીરમાં નજરે પડે છે.





સુશ્રી મનિષા પટેલ, ફ્રન્ટ ઓફિસ કો-ઓર્ડિનેટર અને સુશ્રી હિરલ ગાંધી, એકાઉન્ટન્ટ, મહેતા પ્રાઈવેટ લિમિટેડને ફૂલો અને ચોકલેટસ આપી રહેલા શ્રી ગિલોત્રા તસવીરમાં નજરે પડે છે.

## જીએસસીએલ સિધ્ધિગ્રામ ખાતે રંગોળી સ્પર્ધાનું આયોજન




સિધ્ધિ લેડિઝ કલબ દ્વારા 'કોવિડ-૧૯ ને અટકાવો'ના વિષયવસ્તુ પર દોરવામાં આવેલ અનેકવિધ રંગોળીઓ.

સિધ્ધિ લેડિઝ ક્લબ ખાતે 'કોવિડ-૧૯ને અટકાવો' વિષયવસ્તુ પર એક રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

તમામ મહિલા સભ્યોએ સર્જનાત્મક રંગોળીઓ દોરીને કોવિડ-૧૯ સાંબંધિત તકેદારી દાખવવાના પગલા અને સંદેશા પાઠવ્યા હતા.

## એસસીએલ અને સિધ્ધિ લેડિઝ ક્લબ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અને હોળીની ઉજવણી

સિધ્ધિ લેડિઝ કલબના સભ્યો દ્વારા કોવિડ-૧૯ની જરૂરી તમામ ગાઇડ લાઇન્સનો અમલ કરીને મહિલા દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

સિધ્ધિગ્રામ અને ત્યાર બાદ રાણાવાવ ખાતે હોળીની ઉજવણીના ભાગરૂપે શ્રી દિનેશ રાંદડ અને શ્રી નરેન્દ્રસિંઘ દ્વારા કોઈપણ પ્રકારના જાહેર મિલન સમારોહને ટાળીને પૂજા કરવામાં આવી હતી.

કોલોનીના રહેવાસીઓએ સોશિયલ ડિસ્ટન્સિંગ, માસ્ક અને સેનેટાઇઝેશન જેવી કોવિડ-૧૯ની સંપૂર્ણ તકેદારી સાથે હોલિકાદહનના દર્શન અને પૂજાનો લાભ લીધો હતો.

રાણાવાવ ખાતે એસસીએલ લેડિઝ ક્લબના સભ્યોએ હોળીના રંગોને બદલે એકબીજાને કંકુ લગાવીને રંગોના તહેવારની ઉજવણી કરીને એકબીજાને હોળીની શુભેચ્છાઓ પાઠવી હતી.



એસસીએલ લેડિઝ ક્લબ ખાતે હોળીની ઉજવણી.

## જીએસસીએલ, સિધ્ધિગ્રામ ખાતે રાષ્ટ્રીય સુરક્ષા દિવસ / સપ્તાહની ઉજવણી




જીએસસીએલ સિધ્ધિગ્રામ ખાતે ૫ માર્ચ, ૨૦૨૧ના રોજ ૫૦મા રાષ્ટ્રીય સુરક્ષા દિવસ / સપ્તાહ, ૨૦૨૧ની ઉજવણી કરવામાં આવી હતી.

સુરક્ષાધ્વજ ફરકાવીને શ્રી દિનેશ રાંદડ અને સિનિયર એક્ઝિક્યુટિવ્ઝ દ્વારા ઉજવણી સમારોહનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સુરક્ષા શપથ લેવામાં આવ્યા હતા અને સેફ્ટી પોકેટ બેજનું તમામને વિતરણ કરીને નિદર્શન કરવામાં આવ્યું હતું.

સુરક્ષા સપ્તાહ દરમ્યાન કર્મચારીઓ / કોન્ટ્રેક્ટ પરના કામદારો, પરિવારના સભ્યો અને શાળાના બાળકોમાં સુરક્ષા અંગે વધારે તકેદારી રાખવા માટેના હેતુથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૂત્રો, પોસ્ટર, નિબંધ, રંગોળી, ચિત્રકામ સ્પર્ધા જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

## જીએસસીએલ, સિધ્ધિગ્રામ ખાતે ચિલ્ડ્રન્સ પાર્કનું ઉદ્‌ઘાટન





જીએસસીએલ, સિધ્ધિગ્રામ 'એ' અને 'બી' કોલોની ખાતે શ્રી દિનેશ રાંદડ દ્વારા રમણીય ચિલ્ડ્રન્સ પાર્કનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પાર્કનું આકર્ષણ એ છે કે, આ પાર્ક્સમાં રાઉન્ડઅબાઉટ, આર્યન સ્લાઈડસ, હિંચકા અને ટીટ્ટર ટોટર્સ જેવી રાઈડ્સ હાલના કર્મચારીઓ દ્વારા વેસ્ટ મટિરિયલ્સ અને ભંગારનો ઉપયોગ કરીને ઈન-હાઉસ બનાવવામાં આવી છે.



## સિધ્ધિ પ્રીમિયર લીગ, ૨૦૨૦-૨૦૨૧





એસપીએલ વિજેતા ટીમના સિધ્ધિ વોરિયર્સ અને એસપીએલ રનર્સ-અપ શ્રી દિનેશ રાંદડ તરફથી એવોર્ડ સ્વીકારતા નજરે પડે છે.

ટીમ બિલ્ડિંગ અને મોટિવેશનના હેતુને અનુસરીને જીએસસીએલ, સિધ્ધિગ્રામ ખાતે સિધ્ધિ પ્રીમિયર લીગનું આયોજન કરવામાં આવ્યું હતું.

તમામ વિભાગોમાંથી 'ઓક્શન'ના આધારે પાંચ ટીમ બનાવવામાં આવી હતી અને લીગ ધોરણે મેચ રમાઈ હતી.

૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ યોજાયેલી ફાઈનલ્સમાં સિધ્ધિ વોરિયર્સે સિધ્ધિ નાઈટ રાઈડર્સને હરાવ્યા હતા.

## સિધ્ધિ લેડિઝ ક્લબની ફ્રેન્ડલી ક્રિકેટ મેચ



ફ્રેન્ડલી ક્રિકેટ મેચના વિજેતા ટીમના સુકાનીને એવોર્ડ એનાયત કરતા શ્રી દિનેશ રાંદડ.

સિધ્ધિ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સિધ્ધિ પ્રીમિયર લીગ ૨૦૨૦–૨૧ના ભાગરૂપે સિધ્ધિ લેડીઝ ક્લબ માટે એક ફ્રેન્ડલી ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. બે ટીમો – સિધ્ધિ ઈન્ડિયન્સ અને સિધ્ધિ ક્વિન્સ વચ્ચે ૨૦ ઓવરની રોમાંચક મેચ રમાઈ હતી જેમાં સિધ્ધિ ક્વિન્સનો વિજય થયો હતો.

વિજેતા ટીમના સુકાની શ્રીમતી મોનાલિસા સિંહ હતા, કે જેઓ શ્રી રાજીવ રંજનસિંહ, જીએમ–માઇન્સના પત્ની છે.

## સિધ્ધિ લેડિઝ ક્લબ ખાતે હેલ્થ અવેરનેસ સેશન

સિધ્ધિ લેડિઝ ક્લબના સભ્યો માટે સિધ્ધિ રિક્રિએશન ક્લબ ખાતે 'શ્વેતપ્રહર (લ્યુકોરોહિયા) – ક્યારે તબીબી સારવાર મેળવવી' – વિષય પર હેલ્થ અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેશનનું સંચાલન સિધ્ધિ હેલ્થ કેર સેન્ટરના ચીફ મેડિકલ ઓફિસર ડૉ. વૈશાલી બોઝ દ્વારા કરવામાં આવ્યું હતું.



ડો. વૈશાલી બોઝનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી રહેલા ડો. શ્રીમતી માધુરી રાંદડ તસવીરમાં જણાય છે.

# સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ રાણાવાવ અને ગુજરાત સિધ્ધિ સિમેન્ટ લિમિટેડ સિધ્ધિગ્રામ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૧ની ઉજવણી

વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના ભાગરૂપે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સહાયથી 'તુલસીવન'નું સર્જન કરવામાં આવ્યું છે. સિધ્ધિગ્રામ ખાતે શ્રી અને શ્રીમતી દિનેશ રાંદડે હાજરી આપીને આ પ્રસંગની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

મેનેજમેન્ટ દ્વારા કોન્ટ્રેક્ટ કામદારો સહિત પ્રત્યેક કર્મચારીને ૩૫૦ જેટલા તુલસી છોડનું વિતરણ કરવામાં આવ્યું હતું. તુલસીના છોડનું પ્રશ્નાવાડા ગામની ગાયત્રી સ્કૂલ અને સૂત્રાપાડા પોલીસ સ્ટેશને પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત એસસીએલ, રાણાવાવ દ્વારા કર્મચારીઓ, કોન્ટ્રેક્ટ પરના કામદારો અને કોલોનીના સભ્યો માટે પર્યાવરણ સૂત્રો, પોસ્ટર અને કવિતા લેખન જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.




એસસીએલ, રાણાવાવ અને જીએસસીએલ, સિધ્ધિગ્રામ ખાતે પર્યાવરણ દિવસની ઉજવણી.



## એસસીએલ, રાણાવાવ ખાતે ધ ફાયર સર્વિસ વીક

સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ દ્વારા તા. ૧૪ થી ૨૦ એપ્રિલ, ૨૦૨૧ દરમ્યાન 'ફાયર સેફ્ટી વીક'ની ઉજવણી કરવામાં આવી હતી. શ્રી અનિમેષસિંહ રાઠોડ, વાઈસ પ્રેસિડેન્ટ એન્જિનિયરિંગ અને શ્રી સંજય જોષી, આસિસ્ટન્ટ વાઈસ પ્રેસિડેન્ટ, એચઆર એન્ડ એ દ્વારા આ સપ્તાહભરના ઈવેન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ સપ્તાહ દરમ્યાન સુરક્ષા વિભાગે મેઈલ કોમ્યુનિકેશન દ્વારા ફાયર સેફ્ટી (અગ્નિ-સુરક્ષા) અંગે સંબંધિત માહિતીની ચર્ચા કરવામાં આવી હતી. કંપનીના કર્મચારીઓની જાગૃતિ માટે ઓનલાઈન ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.




જમણેથી ડાબે : એસસીએલ, રાણાવાવ ખાતે ફાયર સેફ્ટી વીક દરમ્યાન શ્રી સંજય જોશી, એવીપી-એચઆર એન્ડ એ, શ્રી અનિમેશ સિંહ રાઠોડ, વીપી-એન્જિનિયરિંગ, શ્રી અરવિંદ રાઠોડ, ફાયરમેન અને શ્રી ચંદન પ્રતાપસિંહ, સિનિયર ઓફિસર, સેફ્ટી દૃષ્ટિગોચર થાય છે.

## ૨૧ જૂન, ૨૦૨૧ના રોજ આંતરરાષ્ટ્રીય યોગા દિવસની ઉજવણી

આંતરરાષ્ટ્રીય યોગા દિન પ્રસંગે સુશ્રી હિનલ ઠાકર, એક અનુભવી યોગા પ્રોફેશનલ દ્વારા 'ચેર યોગા' પર એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

તેમણે કામ કરતી વખતે કમરનો દુ:ખાવો, ગરદનનો દુ:ખાવો અને ઘૂંટણના દુ:ખાવા માટે સરળતાથી કરી શકાય તેવા યોગાસનો બતાવ્યા હતા.

તેમણે હૃદયની ક્ષમતા વધારવા માટે ખભા અને હાથનો ઉપયોગ કરીને ખુરશી પર બેઠાં બેઠાં સહેલાઈથી કરી શકાય એવા યોગાસનો શીખવ્યા હતા.

તેમણે ફેફસાંની ક્ષમતા વધારવા માટે વિવિધ પ્રાણાયામો અને તણાવ ઘટાડવા માટેના આસનો શીખવાડ્યા હતા કે જેથી મનને તણાવમુક્ત અને સ્વસ્થ રાખી શકાય.

આ વેબિનારમાં સ્નોસેમ ડિવિઝનના આપણાં નવી ટીમના સભ્યો સહિત કોર્પોરેટ ઓફિસ, માર્કેટિંગ ઓફિસ રાણાવાવ અને સિધ્ધિગ્રામ પ્લાન્ટસના તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આર્યકન્યા ગુરુકુળ પોરબંદર ખાતે ક્વોલિટી ઓનલાઈન એજ્યુકેશન

ભારતમાં જ્યારથી કોવિડ-૧૯ના ફેલાવવાની શરૂઆત થઈ છે ત્યારથી આર્યકન્યા ગુરુકુળ પોરબંદરમાં ઓનલાઈન વર્ગોનું સફળતાપૂર્વક સંચાલન કરી રહ્યું છે. આજે પણ સમયપત્રક પ્રમાણે તમામ ધોરણો માટે ઓનલાઈન વર્ગો યોજાઈ રહ્યા છે.

આ ઉપરાંત વિવિધ સ્પર્ધાઓ, નવતર પ્રયોગો અને પ્રવૃત્તિઓ યોજવાની પણ પહેલ કરવામાં આવી છે.





## આપણાં પોતાના કોરોના વોરિયર-
## શ્રી કે. બી. આચાર્ય, સિનિયર મેનેજર પ્રોડક્શન, સિધ્ધિગ્રામ



સિધ્ધિગ્રામ કોલોની ખાતે એકલા રહેતા શ્રી નિર્દોષ તાપસે નો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો અને તેઓ સંક્રમિત થયા હતા. તેમનો પરિવાર તેમના વતન મહારાષ્ટ્રના ગામમાં રહેતો હતો આથી જીએસસીએલ, સિધ્ધિગ્રામખાતેના સિનિયર મેનેજર, પ્રોડક્શન શ્રી કે.બી. આચાર્યએ પોતાના સાથી તાપસેની સારસંભાળ લેવામાં સંપૂર્ણ સહયોગ આપ્યો હતો.

શ્રી તાપસેની હૉસ્પિટલમાં ૧૫ દિવસની સારવાર દરમ્યાન શ્રી આચાર્ય તેમની સેવામાં અડીખમ ઉભા રહ્યા હતા. જોકે તેમણે તમામ તકેદારી લીધી હતી તેમ છતાં તેમણે વેરાવળ ખાતેની હૉસ્પિટલમાં કોવિડ દર્દીઓની વચ્ચે પોતાના સ્વાસ્થ્યની પરવા કર્યા વગર પોતાની જિંદગીને જોખમમાં મૂકીને નિ:સ્વાર્થ સેવા કરી હતી. શ્રી આચાર્ય આવા પડકારજન્ય કપરા સમયમાં ખરેખર આપણા 'હીરો' પુરવાર થયા હતા.



## આપણાં યુવા ડોક્ટરને અભિનંદન...!

જીએસસીએલ સિધ્ધિગ્રામ ખાતે ડેપ્યુટી જનરલ મેનેજર-મિકેનિકલ તરીકે ફરજ બજાવતા શ્રી પંકજ વી. ભેંસદાડિયાના પુત્રી ડૉ. દ્રષ્ટિ ભેંસદાડિયાએ માર્ચ-૨૦૨૧માં રાજકોટની પંડિત દિનદયાળ ઉપાધ્યાય મેડિકલ કૉલેજમાંથી એમબીબીએસની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પાસ કરીને ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે.



# અમારા આંતરરાષ્ટ્રીય પ્લાન્ટસ અને કાર્યાલયોના સમાચાર

## યુગાન્ડાના લુગાઝી ખાતે મહેતા હોસ્પિટલમાં કોવિડ-૧૯ રસીકરણ અભિયાન



એસીઓયુલ, લુગાઝી યુગાન્ડા ખાતે કોવિડ-૧૯ રસીકરણ અભિયાનના આયોજન પાછળ સુશ્રી ઈરીન, રિકવરી રૂમના નર્સિંગ ઈનચાર્જ, ડો. સચ્ચિદાનંદ મિશ્રા- હોસ્પિટલના વડા અને ડો. કાસીબાન્ટે, સિનિયર એમઓની અથાગ જહેમત હતી.



એસસીઓયુલના ઈલેક્ટ્રિકલ વિભાગના વિભાગીય વડા શ્રી આશિષ સુદને વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવી રહ્યો છે.

યુગાન્ડાના લુગાઝી ખાતેની મહેતા હૉસ્પિટલમાં ૨૫ માર્ચ, ૨૦૨૧થી ૧ એપ્રિલ, ૨૦૨૧ દરમ્યાન કોવિડ-૧૯ રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

યુગાન્ડાના લુગાઝી ખાતે ડીએચઓ/એમઓએચ, બુઈકવે અને કાવોલો હૉસ્પિટલના સહયોગથી બે તબક્કામાં રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

લુગાઝીમાં મહેતા ગ્રુપના ૨૫૬ કર્મચારીઓ અને સભ્યોએ આ અભિયાન દરમ્યાન કોવિશિલ્ડ વેક્સિનના પ્રથમ ડોઝનો લાભ લીધો હતો.

રસીકરણ અભિયાન દરમ્યાન ઉપસ્થિત તમામને રસીકરણના લાભ અને આડઅસરો અંગે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, તેમને કોવિડ-૧૯ના સંક્રમણ સંબંધિત પ્રતિરોધક માર્ગદર્શિકાના અમલનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું અને વેક્સિન લીધા બાદ પણ આ માર્ગદર્શિકાનો કડક અમલ કરવા સલાહ આપવામાં આવી હતી. જેમને વેક્સિન આપવામાં આવી હતી એ તમામને વેક્સિનેશન કાર્ડ આપવામાં આવ્યા હતા. સેકન્ડ ડોઝ માટે આરોગ્ય મંત્રાલયની માર્ગદર્શિકા અનુસાર ૮-૧૨ સપ્તાહના સમયગાળા બાદ રજિસ્ટ્રેશન કરવામાં આવશે.

## યુગાન્ડાના લુગાઝી ખાતેના સુગર કોર્પોરેશન ઓફ યુગાન્ડા લિમિટેડ દ્વારા કોવિડ-૧૯ના અસરગ્રસ્તોને જીવન જરૂરિયાત વસ્તુ આપવાનું સરાહનીય કાર્ય

ચીફ એક્ઝિક્યુટિવ શ્રી અનિલ શાહ સાથે ડેપ્યુટી ચીફ એક્ઝિક્યુટિવ (ફાઈનાન્સ) શ્રી એમ.ડી. હેગડે અને સિનિયર જનરલ મેનેજર શ્રી એન. જે. પૌલે વાઈસ પ્રેસિડેન્ટ અને બુઈકવે ડિસ્ટ્રિક્ટના મહિલા સાંસદ મેડમ ડાયના મુતાસિંગવા નાનકુંડા કાગેયેન્વીના કાર્યાલયમાં આદરણીય સ્ટેટ મિનિસ્ટરને ૧૦ ટન રાશન કીટ અને ૧ કિલો ખાંડના ૧૦૦૦ પેકેટસ દાન તરીકે અર્પણ કર્યા હતા.

આ રાહતસામગ્રીનો કોવિડ મહામારીથી અસરગ્રસ્ત લોકોને દાન તરીકે આપવામાં આવશે.




એસસીઓયુલ, યુગાન્ડા-લુગાઝી દ્વારા કોવિડ-૧૯ ના અસરગ્રસ્તો માટે રાહત સામગ્રીની ભેટ

આ કાર્યક્રમનું આયોજન ૧૭ જુલાઈ, ૨૦૨૧ના રોજ સુગર કોર્પોરેશન ઓફ યુગાન્ડા લિમિટેડ, લુગાઝી ખાતે કરવામાં આવ્યું હતું. આ અગાઉ પણ સુગર કોર્પોરેશન ઓફ યુગાન્ડા લિમિટેડે યુગાન્ડાના નત્રોકો જિલ્લામાં કોંગો કોવિડ-૧૯ અસરગ્રસ્તોની છાવણીને ૧૦ ટન પોશો અને ૧ કિલો ખાંડના ૧૦૦૦ પેકેટસ દાન પેટે આપવામાં આવ્યા હતા.

એસસીઓયુએલના પ્રતિનિધિ શ્રી કાટોએ ગત સપ્તાહે નત્રોકો વડામથક ખાતે આ રાહતસામગ્રી રિજિયોનલ ડિસ્ટ્રિક્ટ કમાન્ડરને સુપ્રત કરી હતી.

## એપ્રિલ ૨૦૨૧માં કાયુન્ગા એસ્ટેટ, યુગાન્ડા ખાતે વૃક્ષારોપણ અભિયાન



કાયુન્ગા એસ્ટેટ, યુગાન્ડા ખાતે વૃક્ષારોપણ



સુગર કોર્પોરેશન ઓફ યુગાન્ડા લિમિટેડ (SCOUL)ના કામદારોના યોગદાનની કદર કરવા લેબર ડે– મજૂર દિનની પૂર્વસંધ્યાએ અમારા DGM –પ્લાન્ટેશન શ્રી બાલુસામી અને કાયુન્ગા સુગરકેન એસ્ટેટ, યુગાન્ડાના તેમના સ્ટાફના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

એક ઉલ્લેખ કરવો જોઈએ કે અમારી CSR પ્રવૃત્તિના ભાગરૂપે અને લોકોને વધુ વૃક્ષ વાવવા પ્રોત્સાહિત કરવા અમે SCOUL ખાતે ૫૫૦ હેક્ટરના વન્યવિસ્તારની જાળવણી કરીએ છીએ.

## મોમ્બાસા નર્સરી સ્કૂલ, કેન્યા ખાતે વર્ગશિક્ષણનો પુનઃ આરંભ

ગયા વર્ષે મોટા ભાગે પ્રત્યક્ષ શિક્ષણ બંધ રહ્યાં પછી જાન્યુઆરી ૨૦૨૧માં પ્રી–પ્રાઈમરી, ધોરણ ૧ એને ૨માં વર્ગશિક્ષણનો પુનઃ આરંભ કરાયો હતો.

તમામ શિક્ષકો શાળામાં બાળકો સાથે સંપર્ક રાખવાની કામગીરીમાં પરત થવાથી ખુશ હતા.

સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત વાતાવરણ મળી રહે તેની ચોકસાઈ માટે શાળાએ કોવિડ સુરક્ષાની જાળવણીની ભારે જહેમત ઉઠાવી હતી.



શાળાએ વર્ગખંડોમાં સોશિયલ ડિસ્ટન્સિંગનો અમલ કર્યો હતો અને સ્ટુડન્ટ બાયોબબલ્સ વચ્ચે ઓછામાં ઓછો સંપર્ક રહે તે માટે સમગ્ર શાળામાં વન-વે સિસ્ટમ અમલી બનાવી હતી. વિદ્યાર્થીઓ આ વ્યવસ્થાને ઝડપ અને સરળતાથી અનુકૂળ બની ગયા અને તેનાથી શિક્ષકો પણ નવાઈ પામી ગયા હતા. શાળાના વધારે ને વધારે સભ્યોએને વેક્સિનેશનનો પ્રથમ ડોઝ મળી રહે તેવી વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું હતું.





વન વે સિસ્ટમના સ્ટીકર્સ






શાળાના પ્રવેશદ્વારે લગાવાયેલો ચાર્ટ

શાળા પુનઃ કાર્યરત થયા પછી અનેક મનોરંજનસભર પ્રવૃત્તિઓ યોજાઈ હતી.

# 'હાથી' બ્રાન્ડ સિમેન્ટની ૬૫મી વર્ષગાંઠની કરાયેલી ઉજવણી




'હાથી' સિમેન્ટની ૬૫મી વર્ષગાંઠની ઉજવણી દરમ્યાન શ્રી રણધીરસિંઘ અને શ્રી કોકિલ વોરાએ પ્રેરણાદાયી પ્રવચન કર્યાં હતા.

65 YEARS

HATHI® CEMENT

વર્તમાન યુગમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે અને ગુજરાત દરરોજ આકાર લઈ રહેલા વિવિધ કોમર્શિયલ, આવાસ અને સરકારી પ્રોજેક્ટસ સાથે વ્યાપક પરિવર્તનનું સાક્ષી બન્યું છે. આપણે જ્યારે ઇન્ફ્રાસ્ટ્રક્ચરની વાત કરતા હોઈએ ત્યારે કોંક્રીટમાં ઉપયોગમાં લેવાતી સામગ્રીમાં 'સિમેન્ટ'નું વિશેષ મહત્ત્વ રહે છે. આજે સિમેન્ટ ઉદ્યોગ વિકસી રહ્યો છે અને ગુજરાતમાં સિમેન્ટ વિશે વાત કરીએ ત્યારે રાજ્યના ઇન્ફ્રાસ્ટ્રક્ચરને આકાર આપવામાં મજબૂત અને પ્રસિદ્ધ 'હાથી' બ્રાન્ડે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

> **હાથી સિમેન્ટ મહેતા ગ્રુપના સિમેન્ટ ડિવિઝન - સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડની બ્રાન્ડ છે.**

રાણાવાવ ખાતેની સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડની અત્યાધુનિક આઇએસઓ પ્રમાણિત કેપ્ટિવ થર્મલ પાવર પ્લાન્ટ, ગુણવત્તાસભર વિવિધ ઉત્પાદનો, બીજી– બ્રોડગેજ લાઈન પર રેલવે સાઈડિંગ, પ્લાન્ટ નજીક કેપ્ટિવ જેટી વ્યૂહાત્મક સ્થળોએ ડેપોઝ, ડીલર્સ અને ચેનલ પાર્ટનર્સનું મજબૂત નેટવર્ક, કટિબદ્ધ સર્વિસ પ્રોવાઈડર્સ અને વેન્ડર્સની ટીમ, ઉચ્ચ કૌશલ્ય ધરાવતા પ્રોશનલ્સ અને ઉત્સાહી કર્મચારીઓ, વિઝનરી અને વિનમ્ર નેતૃત્વ સમૂહ અને સૌથી મહત્ત્વપૂર્ણ આનંદિત અને વફાદાર ગ્રાહકો બાબતે ગૌરવ અનુભવે છે.

તાજેતરમાં જૂન, ૨૦૨૧માં SCL તેના નેટવર્ક સાથે સ્થાપના ૬૫ વર્ષની ઉજવણી કરી હતી. ૧૧ જૂન, ૧૯૬૫ના દિવસે સ્થાપના પછી કંપનીએ દર વર્ષે નોંધપાત્ર પ્રગતિ સાથે લાંબી સફર કાપી છે.

સ્વતંત્ર ભારતમાં સિમેન્ટ પ્લાન્ટ સ્થાપવામાં પ્રણેતા હોવા સાથે દરરોજ તેના વિકાસથી માંડી અગ્રણી સિમેન્ટ બ્રાન્ડ તરીકે 'હાથી'નું સ્થાન હાંસલ કરવા સુધી કંપનીની યાત્રા પ્રશંસાપાત્ર બની રહી છે.

આ વર્ષ 'સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ' અને તેની ફ્લેગશીપ બ્રાન્ડ 'હાથી' સિમેન્ટ માટે વર્ષગાંઠનું ૬૫મું વર્ષ બની રહેશે.

આપણી કંપની આજે જે ટોચના સ્થાન પર ઉભી છે અને બ્રાન્ડની સફળતા એ આપણી ટીમોના ૬૫ વર્ષના અવિરત પ્રયાસો તેમજ મહેતા ગ્રુપ પરિવારના સ્નેહ અને સમર્થનની પરાકાષ્ઠા છે. આ અભૂતપૂર્વ સિમાચિહ્ન બદલ આપણા વફાદાર ગ્રાહકોનો આભાર વ્યક્ત કરવાની ઉજવણી થવી જ જોઈતી હતી.

દરરોજ આને શક્ય બનાવનારા ગ્રાહકોથી શરૂઆત કરીને અમે તેમના વિસ્તારોમાં તેમના પ્રયાસોની ઊંચા સ્વરે કદર કરવા માટે સ્ટીકર પોસ્ટરો સાથે સ્ટોર્સના સુશોભન સહિત ઈન-શોપ બ્રાન્ડિંગ પ્રવૃત્તિઓ આરંભી હતી. આ ઉપરાંત સમગ્ર ગુજરાતમાં હોર્ડિંગ્સ અને ઓટોરિક્ષાઓ પર લગાવવા માટે ૬૫મી વર્ષગાંઠની વિશિષ્ટ ડિઝાઈન સાથે માર્કેટિંગ અભિયાન શરૂ કર્યું હતું.

આ ઉપરાંત ગુજરાતના અગ્રણી દૈનિકો દિવ્ય ભાસ્કર, ગુજરાત સમાચાર, સંદેશ અને ટાઈમ્સ ઑફ ઈન્ડિયાની તમામ આવૃત્તિઓમાં આ જ ડિઝાઈન પ્રદર્શિત કરવામાં આવી હતી.

૬૫ વર્ષની ઉજવણીના વિશેષ સંદેશા સાથેની ખાસ ડિઝાઈન કરાયેલી કોટન શોપિંગ બેગ્સનું પણ આપણા ઈન્ફલુઅન્સર્સ - પ્રભાવસર્જક ચેનલ નેટવર્ક અને ગ્રાહકોમાં વિતરણ કરાયું હતું.

શ્રી રણધીરસિંઘના લોકસંપર્ક સંદેશાને વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર મૂકવામાં આવ્યો હતો તેમજ સતત વૃદ્ધ પામી રહેલા આપણા પરિવારના પ્રત્યેક સભ્ય અને સ્ટેક હોલ્ડર્સને પહોંચી શકે તે રીતે આ જ સંદેશાને પ્રસારિત કરવાનું અભિયાન ચલાવાયું હતું. આપણા કેન્દ્રીય સમૂહના પ્રયાસોની કદર કરવા માટે અમદાવાદ ઑફિસ ખાતે સોશિયલ ડિસ્ટન્સિંગના પાલન સાથે સુઆયોજિત સમારંભ યોજવામાં આવ્યો હતો.

શ્રી સિંઘના પ્રેરણાસભર પ્રવચન સામે સમારોહનો આરંભ કરાયા પછી કેક કાપવાની વિધિ કરવામાં આવી હતી. જેમાં વયના ધોરણે સૌથી સિનિયર કર્મચારીઓ જોડાયા હતા. આગામી દિવસોમાં આપણને પહોંચાડે તેવી સતત પરિવર્તનશીલ સિસ્ટમમાં વર્ષોના અનુભવ અને સતત પ્રયાસોનો આ માપદંડ છે.




એસસીએલના ૬૫ વર્ષ પૂર્ણ કરતી જાહેરખબરો ગુજરાતી દૈનિકપત્ર - ગુજરાત સમાચાર અને દિવ્ય ભાસ્કર દૈનિકપત્રમાં પ્રકાશિત થઈ.












હાથી સિમેન્ટના ૬૫ વર્ષ પૂરા થવા પર અલગ અલગ વિસ્તારોમાં હાથી સિમેન્ટના પોસ્ટર્સના હોર્ડિંગ્સ.

## સોશિયલ મીડિયા પોસ્ટ્સ










# માર્કેટિંગ અપડેટ્સ


ગણતંત્ર દિવસ સ્પર્ધા
૨૪ જાન્યુઆરી ૨૦૨૧ થી ૨૬ જાન્યુઆરી ૨૦૨૧
Wowww!!
You won!
Many congratulations to all the winners of the contest.
Anil Vangani
Kewal Ahir
Chirag Sheth
SPECIAL PRIZES
• Dinesh Nayak
• Kasim Bhadarka
• Jalpa Shah
• Smita Abhaybhai Shah
• Mahendra Kanakhara
• Swapnesh Modi
• Sunil Kachhia
• Harsh Bhaskar
• Hardik Chauhan
• Haresh Rathva
HUGE THANKS TO EVERYONE WHO PARTICIPATED!
DM (Message) us your email and contact number.


NATIONAL YOUTH DAY
12TH JANUARY
The Future
of India is empowered by
the power of Youth!



Good To Know
Placing of concrete
કોંક્રિટ મિશ્રણ
ને વાપરવાની યોગ્ય પદ્ધતિ.
More than 1.5 mtr
DON'T
Concrete should not be dropped from a height more than 1.5 mtr as this leads to segregation and bleeding of water.
૧.૫ મીટર કરતા વધારે ઊંચાઇએથી કોંક્રિટ મિશ્રણ ને નાખવું જોઇએ નહીં . આવું કરવાથી,
કોંક્રિટ મિશ્રણમાંથી પાણી અલગ પડી જાય છે તથા મિશ્રણ માં પાણીનું યોગ્ય પ્રમાણ જળવાતું નથી.


SAFETY FIRST
WHEN IN THE KITCHEN
ensure that flammable objects like papers, hand sanitizers, plastics etc. are kept away from fire sources like oven, stove top, portable heater etc.



વસંત ઋતુના આગમન સાથે તેજસ્વી જ્ઞાનનો
પ્રકાશ તમારા જીવનને હંમેશા પ્રકાશિત રાખે.
શુભ વસંત પંચમી


વિશ્વાસભર્યા નિર્માણનો
અડીખમ આધાર.
સિધ્ધિ
સિમેન્ટ


પ્લોટની સાઇઝ
સુપર બિલ્ટ-અપ એરિયા
દરેક રૂમની સાઇઝ
દરેક રૂમનાં લેઆઉટ
એપ્લાઇ-સીસની ક્વોલિટી
પ્રોજેક્ટની ટાઇમલાઇન
મળતી એમિનિટીસ
વૉટર સપ્લાય
ઇલેક્ટ્રીસિટી સપ્લાય
હવા - ઉજાસ
ઘર ખરીદી રહ્યા છો?
શું તમે નીચેની વિગતો ચેક કરી?
હાથી
સિમેન્ટ
સિધ્ધિ
સિમેન્ટ


A Woman and her strength
are the real architects of a society.
HAPPY
Women's
DAY


महाशिवरात्रि
की हार्दिक शुभकामनाएं


१९ फरवरी
भारत माता के वीर सपूत
छत्रपति शिवाजी महाराज जी
को उनकी जन्म जयंती पर शत शत नमन।


होली आई, सतरंगी रंगो की बौछार लाई
लगाईए हर्षोल्लास के साथ होली के रंग
सर्वश्रेष्ठ हाथी सिमेन्ट और सिद्धि सिमेन्ट के संग
हैप्पी
होली


સમગ્ર સૃષ્ટિના પ્રથમ પ્રવર્તક, મજબૂત શિલ્પશાસ્ત્રના પ્રણેતા
ભગવાન શ્રી વિશ્વકર્મા જયંતિની
આપ સૌને હાર્દિક શુભેચ્છા

## ફેબ્રુઆરી, ૨૦૨૧માં માર્કેટિંગ ટીમ દ્વારા મહિનામાં સૌથી વધુ વેચાણ



પોતાની ટીમની કદર સાથે આભાર વ્યક્ત કરી રહેલા શ્રી રણધીરસિંઘ.

આપણા સૌ માટે ગૌરવની બાબત છે કે અગાઉના તમામ વિક્રમો હાંસલ કરીને મહેતા ગ્રુપે ડિસેમ્બર, ૨૦૨૦ના ગાળામાં ૨.૬૩ LMTનું સર્વોચ્ચ વેચાણ હાંસલ કર્યું હતું, જેણે અત્યાર સુધીના તમામ વિક્રમો વટાવી દીધા છે.

## અમદાવાદ ગુજરાત ખાતે સુરક્ષા સંબંધિત રોડ શો

૩ માર્ચ, ૨૦૨૧ના રોજ અમદાવાદ ઑફિસની માર્કેટિંગ ટીમ દ્વારા નહેરુબ્રિજ ક્રોસ રોડ ખાતે સુરક્ષા સંબંધિત રોડ શૉનું આયોજન કરાયું હતું.

ચાર રસ્તા ખાતે વિવિધ ડિપાર્ટમેન્ટસની મહત્ત્વની વ્યક્તિઓના નામ અને તાત્કાલિક સારવાર સમયે ઉપયોગમાં લેવાના કોન્ટેક્ટ નંબર્સ સાથેના પેમ્ફલેટસનું વિતરણ કરવામાં આવ્યું હતું.



નહેરુ બ્રિજ ચાર રસ્તા, અમદાવાદ ખાતે બન્ટી રાવલ, ઓફિસર-એચઆર પેમ્ફલેટસનું વિતરણ કરી રહ્યા છે.

**આ પહેલ પોલીસના ટ્રાફિક નાયબ અધિક્ષક, આશ્રમરોડ અને તેમની ટીમના સહકાર વિના આ શક્ય ન બનત, અમે તેમના સાથ–સહકાર માટે તે સર્વેનો આભાર માનીએ છીએ.**




રોડ શો દરમ્યાન અમદાવાદ એલિસબ્રિજના પીએસઆઈ અને તેમની ટીમ સાથે શ્રી ઓમપ્રકાશ કહાર, કુ. બંટી રાવલ,
મિ. બ્રિજેશ સોઢવડિયા, શ્રી અશ્વિન ત્રિવેદી, શ્રી વિકાસ વાની, શ્રી દિપેશ વાઘેલા, શ્રી અભેસિંહ ડાભી, શ્રી હેમરાજ રબારી તસવીરમાં નજરે પડે છે.




અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાં યોજાયેલ રોડ શો દરમ્યાન બંટી રાવલ અને બ્રિજેશ સોઢવડિયા

# સેલ્સ મીટ-૨૦૨૧




વેચાણ સંમેલનમાં ટીમને સંબોધી રહેલા શ્રી ધર્મેશ ત્રિવેદી, વાઈસ પ્રેસિડેન્ટ, સેલ્સ.

તમામ કર્મચારીઓના પ્રયાસો અને પરિશ્રમને પ્રોત્સાહિત કરવાની અમારી સતત પહેલોના ભાગરૂપે મહેતા ગ્રુપ દ્વારા ૨૨, ૨૩, એપ્રિલ–૨૦૨૧ દરમ્યાન દીવ ખાતેના રાધિકા બીચ રિસોર્ટમાં સેલ્સ મીટ ૨૦૨૦–૨૧નું આયોજન કરાયું હતું.

કોવિડ–૧૯ના સોશિયલ ડિસ્ટન્સિંગના ધારાધોરણોના સુચારુ પાલનની સાથે મર્યાદિત ૫૦ સભ્યોની હાજરીમાં ભાગ લઈ રહેલા તમામ લોકોના RT-PCR ટેસ્ટ કરાવવાની સાવચેતી પણ અમે રાખી હતી.




નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પરફોર્મન્સને મેમેન્ટોઝ શ્રી રણધીરસિંઘ, ડાયરેક્ટર (એમ એન્ડ એસ)ના હસ્તે મેમેન્ટોઝ એનાયત કરાયા હતા.

મિટિંગના આરંભે શ્રી રણધીરસિંઘની પ્રેરણાદાયી પ્રવચન પછી તમામ હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટે પણ સંબોધન કર્યું હતું. હાજર તમામ સાત ટીમને વિચારવિમર્શના વિષયો અપાયા હતા, જેમણે આગામી વર્ષ સંદર્ભે પોતાની કાર્યરીતિની યોજનાઓ રજૂ કરી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ માટે આ ગહનપૂર્વક શીખવાની બાબત રહી હતી.

શ્રેષ્ઠ કામગીરી કરનારા ત્રણ કર્મચારીનું સન્માન અને ઈનામો સાથે અભિવાદન કરવામાં આવ્યું તેમજ તમામ ૫૦ ભાગ લેનારાને તેમની હાજરીના ફળસ્વરૂપે ભેટ આપવામાં આવી હતી.

આગામી વર્ષ માટે વિસ્તૃત કાર્યોજના તૈયાર કરાયા પછી શ્રી રણધીરસિંઘે સુરુચી ભોજન માણવા માટે બધાને નિમંત્રણ પાઠવ્યું હતું.



નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે સેલ્સ પરફોર્મર્સ સાથે શ્રી રણધીરસિંઘ.



## આરોગ્ય, પોષણ અને તણાવમુક્ત રહેવાના વિષય પર ડો. ધારા દિનેશ ઠક્કર દ્વારા વેબિનાર

૧૬ જૂન, ૨૦૨૧ના રોજ યોજાયેલ એક કલાકના વેબિનારમાં કોવિડ–૧૯ની મહામારીના સમયગાળામાં આરોગ્ય અને સ્વાસ્થ્યની સંભાળ માટે અને પદ્ધતિ વિશે ધ્યાન કેન્દ્રિત કરાયું હતું.

આ વેબિનારમાં ડૉ. ઠક્કરે આરોગ્યપ્રદ આહાર, મેદસ્વીતા અને ડાયાબિટીસની સમસ્યા હલ કરવા, તણાવને દૂર કરવાના માર્ગોને પ્રોત્સાહન અને રોગપ્રતિકારક શક્તિ વધારવાના સૂચનોની સાથે મહત્ત્વપૂર્ણ માહિતી પૂરી પાડી હતી.

આ વેબિનારમાં મુંબઈ, રાણાવાવ, સિધ્ધિગ્રામ, અમદાવાદ તથા ગુજરાતના અન્ય માર્કેટિંગ સ્થળોએથી વિવિધ ટીમોએ વેબિનારને નિહાળ્યો હતો.

# માર્કેટિંગ ઓફિસર્સની બેઠક ૨૦૨૦-૨૧




એમઓ બેઠક ૨૦૨૦-૨૧ દરમ્યાન માર્કેટિંગ ઓફિસર્સને સંબોધન કરી રહેલા સિનિયર મેનેજર-માર્કેટિંગ શ્રી શૈલભ શર્મા.

તા. ૨૨ માર્ચ, ૨૦૨૧ના રોજ રાજકોટ ખાતેની રિજન્સી લગૂન રિસોર્ટ ખાતે હાથી સિમેન્ટ અને સિધ્ધિ સિમેન્ટના માર્કેટિંગ ઓફિસરને પ્રોત્સાહિત કરવા માટે માર્કેટિંગ ઓફિસર મિટિંગ ૨૦૨૦–૨૧નું આયોજન કરાયું હતું. આવનાર તમામ લોકોને કોવિડ–૧૯ની માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખીને બે દિવસની મિટિંગની પરંપરાના બદલે આ વર્ષની મિટિંગ માત્ર અડધા દિવસની રખાઈ હતી.

ભાગ લેનારાની મર્યાદિત સંખ્યા, સોશિયલ ડિસ્ટન્સિંગ અને ઉપસ્થિતોના આરટી–પીસીઆર ટેસ્ટસ સહિત સલામતીના તમામ શક્ય પગલાં લેવાયા હતા.

માર્કેટિંગ ઓફિસરોએ નવા ડિલર્સ બનાવવા અને પીપીસી સેલ્સ બાબતે જાગૃતિ વધારવાના માર્ગો અને સાધનો મુદ્દે ગંભીર ચર્ચા–વિચારણા કરી હતી. શ્રી સિંઘના સમાપન સંબોધને હાજર રહેલા લોકોના જુસ્સામાં વધારો કર્યો હતો. આ અવસરે ટીમના સભ્યોએ સાથે મળીને ભોજનનો સ્વાદ માણ્યો હતો.

## ટીમના નવા સભ્યોને આવકાર



મિ. સમર્થ વાય. પંડ્યા
આસિસ્ટન્ટ મેનેજર,
એકાઉન્ટ્સ



મિ. વિશાલ તાલવિઆ
સિનિયર સેલ્સ ઓફિસર,
મહેસાણા



મિ. પ્રીતેશકુમાર એમ. પારેખ
સિનિયર સેલ્સ ઓફિસર,
આણંદ



મિ. નાગાજણ એસ. મોઢવાડિયા
સેલ્સ ઓફિસર,
અમદાવાદ



મિ. નિતેશ ચોબે
ટેક્નિકલ ઓફિસર,
વડોદરા



મિ. સાગર એમ. અમીપારા
સેલ્સ ઓફિસર,
જૂનાગઢ



મિ. વિજયસિંહ વાઘેલા
ઓફિસર (માર્કેટિંગ),
અમદાવાદ

# ભૂતકાળના રેકોર્ડ તોડ્યા : એસસીએલ, રાણાવાવની સિદ્ધિઓ પૂર્ણ ઇતિહાસ



એસસીએલ રાણાવાવ દ્વારા જાન્યુઆરી, ૨૦૨૧માં ગ્રાઈન્ડિંગ, પેકિંગ અને ડિસ્પેચના અત્યાર સુધીમાં સર્વોચ્ચ સિમાચિહ્ન હાંસલ કરાયું છે. આનો યશ એસસીએલના મેનેજમેન્ટના સતત સાથ અને સહકાર તથા પ્રોત્સાહનને આભારી છે.

આના યશભાગી સેલ્સ અને માર્કેટિંગ ટીમની સાથોસાથ ટ્રાન્સપોર્ટ સહિત અન્ય સંકળાયેલા તમામ ડિપાર્ટમેન્ટસ પણ છે.

આવા મુશ્કેલ સમયમાં આવી સિદ્ધિઓ મેળવવા અમે તેમના સપોર્ટ, મક્કમ નિર્ધાર, જોશ અને પ્રયાસોને ખરેખર આવકારીએ છીએ.

| | | |
|---|---|---|
| ગુજરાતમાં અત્યાર સુધીમાં વધુ દૈનિક વેચાણ | ૬૨૭૬ | મેટ્રિક ટન |
| એક મહિનામાં સૌથી વધુ ગ્રાઈન્ડિંગ | ૧૮૨.૩૮૨ | મેટ્રિક ટન |
| અત્યાર સુધી સૌથી વધુ માસિક સિમેન્ટનું વેચાણ | ૧૮૪૩૯૦ | મેટ્રિક ટન |
| ગુજરાતમાં અત્યાર સુધી સૌથી વધુ માસિક વેચાણ | ૧૬૩૭૭૭ | મેટ્રિક ટન |
| અત્યાર સુધી સૌથી વધુ માસિક સ્થાનિક જથ્થાબંધ ડિસ્પેચ | ૩૩૩૨૯ | મેટ્રિક ટન |

## એસસીએલ રાણાવાવને ગ્રીનટેક એવોર્ડ

૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ મહાબલિપૂરમ્ ખાતે ગ્રીનટેક ફાઉન્ડેશન દ્વારા યોજાયેલ ૧૯મા એવોર્ડ સમારોહમાં સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ (એસસીએલ), રાણાવાવને સિમેન્ટ સેક્ટરમાં ૨૦૧૯ અને ૨૦૨૦ના વર્ષો માટે લીડરશીપ ઈન ઓક્યુપેશનલ હેલ્થ પ્રેક્ટિસીસમાં પ્રથમ વિજેતા જાહેર કરાયા છે. આ સમયગાળામાં સુરક્ષા અને આરોગ્ય ક્ષેત્રમાં પાંચ એવોર્ડ મેળવ્યા બાદ કંપનીની યશકલગીમાં આ સાથે વધુ એક પીંછું ઉમેરાયું છે.

ડાયરેક્ટર–વર્ક્સ શ્રી નરેન્દ્રસિંઘ વી.પી. એન્જિ. શ્રી અનિમેષસિંહ રાઠોર અને એવીપી–એચઆર એન્ડ એડમિન. શ્રી સંજય જોશીએ એવોર્ડ મેળવનાર મેડિકલ સેન્ટરના હેડ અને ઓએચએસ ડૉ. મિલન વસાવડા અને સિનિયર સેફ્ટી ઓફિસર શ્રી ચંદનસિંહને અભિનંદન આપ્યા હતા તેમજ આપણા દેશના સિમેન્ટ સેક્ટરમાં કંપનીનો ધ્વજ લહેરાતો રાખવામાં એસસીએલ ટીમના પ્રયાસો અને પરફોર્મન્સને પણ આવકાર્યા હતા.

એસસીએલ ટીમને અભિનંદન...!




ગ્રીનટેક ફાઉન્ડેશનના ૧૯મા એવોર્ડ સમારોહમાં ગ્રીનટેક એવોર્ડ સ્વીકારી રહેલા
ડો. એમ.યુ. વસાવડા, ડીજીએમ-એચએસ અને શ્રી ચંદનપ્રતાપ સિંહ, સિનિયર ઓફિસર-સેફ્ટી નજરે પડે છે.

## એસસીએલ, રાણાવાવ ખાતે વેસ્ટનું કો-પ્રોસેસિંગ

દેશમાં સિમેનટની માગ અતિ ઝડપે વધી રહી છે ત્યારે ઈંધણ અને કાચી સામગ્રીના વૈકલ્પિક સ્રોતોની શોધ પણ આવશ્યક બની છે. ભારતમાં ઘણા લાંબા સમયથી વેસ્ટ મેનેજમેન્ટ ચિંતાનો વિષય બની રહ્યો છે.

વધી રહેલા શહેરીકરણ અને ઝડપી ઔદ્યોગિક વિકાસના કારણે વિશાળ પ્રમાણમાં મ્યુનિસિપલ કચરા (વેસ્ટસ) અને ઔદ્યોગિક કચરા (જોખમી અને બિનજોખમી) બંનેનું ઉત્પાદન થાય છે, જેના પરિણામે, કચરાના નિકાલના સંચાલનમાં નોંધપાત્ર મુશ્કેલીઓ સર્જાય છે. કો–પ્રોસેસિંગ તેના નિકાલમાં મજબૂત અને પર્યાવરણની દષ્ટિએ લાભકારી માર્ગ છે. આ ઉપરાંત કચરાને ગેરકાયદે ઠલવાતા અટકાવામાં મદદ મળે છે. જમીન અને ભૂગર્ભજળના પ્રદૂષણ જેવા પર્યાવરણીય જોખમોને પણ અટકાવી શકાય છે.

**કો-પ્રોસેસિંગનો અર્થ એ છે કે, એનર્જીના હેતુસર ઉત્પાદન પ્રક્રિયાઓમાં યોગ્ય વેસ્ટ-નકામી સામગ્રીઓનો ઉપયોગ કરવો અને / અથવા સ્રોતોને પરત મેળવવાના અને પરિણામ સ્વરૂપ પરંપરાગત ઈંધણો અને / અથવા વિકલ્પો થકી કાચી સામગ્રીના ઉપયોગમાં ઘટાડો કરવો.**

એસસીએલ ખાતે અમે ફેબ્રુઆરી, ૨૦૧૭થી સિમેન્ટની ભઠ્ઠીમાં વિવિધ જોખમી અને અન્ય કચરાનું કો-પ્રોસેસિંગ કરીએ છીએ. સ્પેન્ટ કાર્બન, મિક્સ્ડ વેસ્ટ સોલિડ, મિક્સ્ડ વેસ્ટ લિક્વિડ, ડિસ્ટિલેશન અને પ્રોસેસના વધેલા અવશેષો, રબર ડસ્ટ, અનિશ્ચિત પેદાશો તેમજ અન્ય કચરા સહિત વિવિધ વૈકલ્પિક ફ્યુલ્સ-ઈંધણોનો ભઠ્ઠીમાં સફળતાપૂર્વક કો-પ્રોસેસ કર્યા છે.

અમને જાહેર કરતાં આનંદ અને ગર્વ થાય છે કે, વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં અનુક્રમે આશરે ૭૨૦૦ મેટ્રિક ટન અને ૫૬૦૦ મેટ્રિક ટન સોલિડ અને લિકવિડ (ઘન અને પ્રવાહી) એએફઆરએસનું કો-પ્રોસેસિંગ કર્યું હતું અને અનુક્રમે રૂ. ૩.૭૫ કરોડ અને રૂ. ૨.૨૫ કરોડની કમાણી પ્રાપ્ત કરી હતી.

અમે વર્ષ ૨૦૨૧-૨૨માં આશરે ૧૦,૦૦૦ મેટ્રિક ટન (સોલિડ અને લિકવીડ) એએફઆરએસનું કો-પ્રોસેસિંગ કરવાની આશા રાખીએ છીએ.

## એસસીએલ, રાણાવાવ ખાતે વેસ્ટનું પ્રિ-પ્રોસેસિંગ

વેસ્ટ રાસાયણિક અને ભૌતિક રીતે કો-પ્રોસેસિંગ માટે યોગ્ય હવાની ચોકસાઈ કરવા જોખમી કચરાઓનું પ્રિ-પ્રોસેસિંગ કરવાની જરૂર પડે છે. આ ઉપરાંત, ભઠ્ઠીની કામગીરીમાં ઘણા ઓછા વિઘ્નો વચ્ચે એકસરખી ગરમીનું પ્રમાણ જાળવવામાં મદદ મળે છે. ઘન કચરાને ચારે તરફથી બંધ હોય તેવા કોંક્રિટ પ્લેટફોર્મ પર સંગ્રહિત કરવામાં આવે છે. પ્રવાહી કચરાને કુલિંગ સિસ્ટમ, આગ ચકાસણી અને અગ્નિશમન ઉપકરણો સાથે યોગ્યપણે ડિઝાઈન કરાયેલી ટાંકીઓમાં સંગ્રહિત કરાય છે.

એસસીએલ રાણાવાવ ખાતે વેસ્ટ પ્રિ-પ્રોસેસિંગ કરવા અમે પ્લાસ્ટિકના કો-પ્રોસેસિંગ માટે ૫ મેટ્રિક ટન/કલાકની ક્ષમતાનું શેડર બેસાડ્યું છે. પ્રવાહી કચરાના કો-પ્રોસેસિંગ માટે અમે તમામ સલામતી પગલાં સાથે ૩૦ કિલો લીટરની ક્ષમતાની ટાંકી ગોઠવેલી છે. આ ઉપરાંત, સલામતીના ધોરણોને સુધારવા સ્મોક ડિટેક્ટર્સ/ઓટોમેટિક વોટર સ્પ્રિંકલર્સ સિસ્ટમ/ ફાયર હાઇડ્રન્ટ લાઈન જેવા વધારાના સલામતી પગલાં પણ અમલીકરણની દિશામાં છે.



વેસ્ટ રાસાયણિક શેડર



લિક્વિડ એએફઆર સ્ટોરેજ અને ફિડિંગ ફેસિલિટી

# યુગાન્ડાના લુગાઝી ખાતે સુગર કોર્પોરેશન ઓફ યુગાન્ડા લિમિટેડનો મેગાવોટ કો-જનરેશન પ્રોજેક્ટ

આપણાં માટે ગૌરવની બાબત છે કે અમે યુગાન્ડોના લુગાઝી ખાતે એસસીઓયુએલએ અત્યાધુનિક ટેક્નોલોજી સાથે ૨૫ મેગાવોટ–કો–જનરેશન પ્લાન્ટને સફળતાપૂર્વક સ્થાપવાની પ્રક્રિયામાં છીએ. તમામ આવશ્યક મશીનરી આવી ગઈ છે અને કામગીરી સંપૂર્ણ થવાને આરે છે. અત્યારે સાધનોની ટ્રાયલ્સ અને ટેસ્ટિંગની પ્રક્રિયા ચાલે છે. ૧૫ મેગાવોટ પાવર નેશનલ ગ્રીડને નિકાસ કરાશે અને ૧૦ મેગાવોટ પાવર આંતરિક વપરાશમાં લેવાશે. પર્યાવરણની મજબૂતાઈને ચકાસવા બાગાસે – (સુગર પ્લાન્ટસમાંથી મળતો કચરો)નો ઉપયોગ પાવર પ્લાન્ટના બોઈલર્સ માટે કરાશે, જેના પરિણામે પર્યાવરણીય સમસ્યા ટાળી શકાશે અને પુન:વપરાશી સ્રોતમાંથી વીજ ઉત્પાદન પણ થશે.

આ પ્રોજેક્ટ યુગાન્ડામાં નવી રોજગારીઓ ઉભી કરશે અને દેશના વિકાસમાં મદદરૂપ બની રહેશે.




સુગર કોર્પોરેશન ઓફ યુગાન્ડા લિમિટેડ - ૨૫ મેગાવોટ કો-જનરેશન પ્રોજેક્ટની પ્રગતિ



બોઈલર રિઅર વ્યૂ



પાવર હાઉસ - ટર્બાઈન, અલ્ટરનેટર અને ગિયર બોક્સ



પાવર હાઉસ - વીએફડી અને ડીસીએસ પેનલ રૂમ



પાવર હાઉસની પ્રગતિ



આપણાં એસસીઓયુએલ સીઓજીઈએન પ્રોજેક્ટનું રાત્રિના સમયે દૃશ્ય.

# એસસીએલ ખાતે સ્ટાન્ડર્ડ ડેટા સેન્ટર ગોઠવવાનું આયોજન

મોટા ભાગના નેટવર્કને કાર્યરત રાખવા સાથે માત્ર ૨૪ કલાકના ટૂંકા ગાળામાં એસસીએલ ડેટા સેન્ટર માઈગ્રેશન પ્રોજેક્ટ નોંધપાત્રરીતે પૂર્ણ કરવામાં આવ્યો હતો. એસસીએલનું નવું ડેટા સેન્ટર તેના ગોઠવાયેલા કોમ્પ્યુટર વાતાવરણના એકીકરણ અને કાર્યક્ષમતાની ખાતરી સાથે ઉચ્ચ ધોરણોનું વચન આપે છે. નવનિર્મિત ડેટા સેન્ટર રૂમમાં રિડન્ટન્ટ કુલિંગ, પાવર અને બેકઅપ સોલ્યુશન્સનો સમાવેશ થાય છે. અહીં હાઈ બેન્ડવિથ અને સુરક્ષા સાથેના વધારાના ડેટા કનેક્શન્સ પણ છે.

અગાઉના ડેટા સેન્ટરને લગભગ ગત ૩૦ વર્ષમાં આઈટી સિસ્ટમ્સ અને બિઝનેસના સરળ કામકાજની જાળવણી કરી હતી. હવે નવો ડેટા સેન્ટર રૂમ વિશ્વસ્તરીય ડેટા સેન્ટર વ્યવસ્થાને સુસંગત છે જેનાથી ટકાઉપણાની ચોકસાઈ સાથે દીર્ઘકાલિન ઓપરેશન્સની ખાતરી મેળવાય છે.

નવા ડીસી રૂમની ડિઝાઈન પ્રોસેસમાં કેટલાક નોંધનીય ફેરફારો જોવા મળે છે:

- ફાયર રિડન્ડન્ટ પ્રોપર્ટીઝ પર આધારિત ઈલેક્ટ્રિકલ્સ સિસ્ટમ્સ.
- પ્રીસિઝન એર કુલિંગ સિસ્ટમ.
- એક્ટિવ ફાયર સેફ્ટી અને ગેસ સપ્રેશન મિકેનિઝમ
- રોડેન્ટ રિપલ્ઝન સિસ્ટમનું એકીકરણ.
- ડીસી ડિઝાઈનના ધોરણોને સુસંગત કેબલ મેનેજમેન્ટ.
- ડીસી ડિઝાઈનના ધોરણોને સુસંગત એફઆરએલએસ પ્રોપર્ટીઝ સાથે ફોલ્સ ફ્લોરિંગ અને સીલિંગ.
- આગ આધારિત તમામ અકસ્માતોમાં ઓછામાં ઓછી બે કલાકની સુરક્ષાની ચોકસાઈ આપતા ફાયર રિડન્ટન્ટ ફોર, ફાયર રિડન્ટન્ડ ગ્લાસ અને ફાયર રિડન્ડન્ટ પેઈન્ટ જેવા વધારાના અન્ય ફાયર રિટાર્ડન્ટ / રિડન્ડન્ટ સાધનો.



ડેટા સેન્ટર રૂમમાં શ્રી નરેન્દ્રસિંઘ, ડાયરેક્ટર-વર્ક્સ અને શ્રી એલ.આર. મોઢવાડિયા, મેનેજર-આઈટી.

એસસીએલ એનએનપીએ ૭૫ ફાયર માપદંડો, આઇએસ ૩૬૧૪ ભાગ–૨ જેવા તમામ જાણીતા આઈટી ઇન્ડસ્ટ્રીના માપદંડોને દાખલ કરવા ઉત્સુક હોવા સાથે વર્તમાન અને ભવિષ્યના આઈટી ડેટા સેન્ટર વાતાવરણમાં ઘણા વધારા કરવા સજ્જ છે.

## SCL રાણાવાવ, GSCL સિદ્ધિગ્રામ, અમદાવાદ અને કોર્પોરેટ ઓફિસમાં તાલીમ શિબિર

વર્ક ફ્રોમ હોમ (ડબ્લ્યુએફએચ)ની સાથે કામ પાર પાડવા મેનપાવરની તાલીમ અને વિકાસના હેતુસર વર્તણૂક, કામકાજ, સ્વાસ્થ્ય કલ્યાણ વેબિનાર્સ સહિત વિવિધ વિષયો પર ઓનલાઈન તાલીમ શિબિરનું આયોજન કરાયું હતું.

**એપ્રિલ-૨૦૨૧થી જૂન-૨૦૨૧ના ગાળામાં આપણાં તાલીમ વિષયક આંકડાકીય માહિતી નીચે મુજબ છે :**

| | |
|---|---|
| જાન્યુઆરી-ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૧ના ત્રિમાસિક ગાળામાં તાલીમાર્થી સંખ્યા | ૨૯૭ |
| એપ્રિલ-મે-જૂન, ૨૦૨૧ના ત્રિમાસિક ગાળામાં તાલીમાર્થી સંખ્યા | ૪૦૧ |

## ગત ત્રિમાસિક ગાળામાં જેઓએ તાલીમ મેળવી તે વિષે આપણાં કર્મચારીઓ દ્વારા અપાયેલા પ્રશંસાપત્રો :

"એક મહિલા તરીકે મને આ વિષય વર્તમાન ગતિશીલ વિશ્વના સંદર્ભમાં ઘણો સુસંગત અને યોગ્ય લાગ્યો છે.

આ શિબિરથી વર્કપ્લેસમાં પોતાની રજૂઆતના બારીક ભેદ સમજવામાં તેમજ ઘરમાં બાળકોને તાલીમ આપવાના માર્ગ સાથે વ્યવહારની સમજ પડી છે. ખાસ કરીને, પુરુષ સંતાનો અને ઘરની જવાબદારી ઉપાડવાના મહત્ત્વને સમજાવવામાં પણ ખૂબ કામ લાગ્યું છે."

**મિસ પ્રિસિલ્લા નાઝારેથ,**
**સિનિયર ઓફિસર, એકાઉન્ટ્સ,**
**કોર્પોરેટ ઓફિસ,**
**વિષય : 'વિમેન ઈન લીડરશીપ'**

"આ ચાર દિવસીય શિબિરથી મને અલગ અલગ પદક્રમો માટે કાર્યક્ષમતાની ઓળખ બાબતે શું શીખવું, ઘણું શીખેલું છોડવું અને ફરી શીખવા મુદ્દે જ્ઞાન પ્રાપ્ત થયું છે.

આનાથી મારામાં રહેલી ખામીઓ જાણવા મળી અને વ્યક્તિગત વિકાસની યોજનાઓ ઘડવામાં મદદરૂપ બની રહી છે."

**મિસ. નેહા જોષી મિસ્ત્રી,**
**સિનિયર મેનેજર એચઆર,**
**કોર્પોરેટ ઓફિસ**
**વિષય : 'ક્ષમતા આધારિત ટ્રેનિંગનું મૂલ્યાંકન આવશ્યક'**

"આ તાલીમ શિબિરથી મને નવો અનુભવ તો મળ્યો, તેની સાથે સાથે પરંપરાગત અમલીકરણથી વ્યાવસાયિક અમલીકરણમાં કેવી રીતે બદલાવું તે જાણવા મળ્યું છે. આ ઉપરાંત, on-prem વાતાવરણના બદલે cloud વાતાવરણ વિશે પણ શીખવા મળ્યું છે."

**શ્રી કે.એન. શાહ,**
**ડીજીએમ(આઈટી),**
**અમદાવાદ ઓફિસ**
**વિષય : 'એસએપી અમલીકરણ વિશે એક્સેલ ટ્રેનિંગ'**

"હું વર્ષ ૨૦૨૦ના મોટા ભાગના સમય અને આ વર્ષે પણ ઘરે બેસીને કામ કરી રહ્યો છું, ત્યારે પ્રવર્તમાન પરિસ્થિતિમાં તમામ અચોક્કસતાથી મારા તણાવનું સ્તર ઘણું વધી ગયું હતું.

આ તાલીમ સત્રમાં હાજરી આપવા સાથે મને તણાવથી મુક્તિ અનુભવવાના નવા માર્ગો, મારી શક્તિઓને યોગ્ય માર્ગે વાળવા દરરોજ કસરતો કરવા અને યોગ્ય આહાર લેવાના મહત્ત્વ વિશે ખૂબ શીખવા અને જાણવા મળ્યું છે."

**શ્રી રાજન ગુજરાતી, સિનિયર ઓફિસર-સેલ્સ, એસસીએલ, જૂનાગઢ, ગુજરાત**
**વિષય : 'ન્યુટ્રિશિયન એન્ડ સ્ટ્રેસ રિલેક્સેશન' વેબિનાર**

**શ્રી ગરિમેશ શર્મા, સિનિયર જનરલ મેનેજર (ઇન્સ્ટ્રુમેન્ટેશન), જીએસસીએલ, સિધ્ધિગ્રામ**

"આપણે જે તબક્કામાંથી પસાર થઈ રહ્યા છીએ તેને ધ્યાનમાં લેતા એચઆર ટીમ દ્વારા નેતૃત્વના ગુણો વિકસાવવા અને વ્યક્તિગત વિકાસ માટે વર્ચ્યુઅલ કોન્ફરન્સિંગ અને વેબિનારો મારફતે તાલીમ અને વિકાસના સત્રો પૂરા પાડીને પ્રશંસાપાત્ર કામગીરી કરવામાં આવી છે."

**શ્રી નિપુલ ઝાલા, ડેપ્યુટી મેનેજર (એચઆર), જીએસસીએલ, સિધ્ધિગ્રામ**

"તમામ તાલીમ સત્રોએ મને નવું જ્ઞાન આપ્યું છે અને આવા વધુ તાલીમ સત્રોમાં હાજર રહીને હું ચોક્કસ મારા જ્ઞાનમાં વધારો કરીશ."

**શ્રી રુદ્રપ્રતાપસિંહ ડેપ્યુટી મેનેજર (ઈલેક્ટ્રિકલ), જીએસસીએલ, સિધ્ધિગ્રામ**

"ગત થોડા મહિનાઓમાં યોજાયેલા વર્ચ્યુઅલ તાલીમ સત્રો મારી ધારણા બહારના રહ્યા છે. આ સત્રોથી મને મારા ભૂતકાળના ટેક્નિકલ જ્ઞાન અને અનુભવોની ફરી યાદ આવવાની સાથે સાથે ઉદ્યોગોમાં અત્યાધુનિક ટેક્નોલોજી વધારવાના લક્ષણો પણ શીખવા અને જાણવા મળ્યા છે. હું આ બાબતે એચઆર ડિપાર્ટમેન્ટનો આભારી રહીશ."

**શ્રી પ્રતિક જાંગીર, આસિસ્ટન્ટ મેનેજર (પ્રોસેસ), જીએસસીએલ સિધ્ધિગ્રામ**

"હું ડિસેમ્બર, ૨૦૨૦થી આ સંસ્થામાં જોડાયો છું અને હાલ પ્રોસેસ ડિપાર્ટમેન્ટમાં પ્રોસેસ એન્જિનિયર તરીકે ફરજ બજાવું છું. મારી છ મહિનાની કાર્યયાત્રા દરમ્યાન એચઆર વિભાગ દ્વારા આયોજિત ઓનલાઈન તાલીમ શિબિરમાં ભાગ લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. વિષયોની વિવિધતા અને મારા વર્ક પ્રોફાઈલને સુસંગત કાર્યક્રમોથી હું ખૂબ જ પ્રભાવિત થયો છું. આ ટૂંકાગાળામાં મને ટેક્નિકલ અને બિહેવિયરલ ટ્રેનિંગ મળી છે."

**શ્રી યોગેશ જોશી, આસિસ્ટન્ટ મેનેજર, લીગલ, એસસીએલ રાણાવાવ**

"ખાસ કરીને તાજેતરના કોવિડ-૧૯ લોકડાઉનના સમયગાળામાં તાલીમ અને નવી બાબતો શીખવામાં સમયનો ખાસ સદુપયોગ થયો છે.

તાલીમ શિબિર મારા કાર્યક્ષેત્રની સાથે સાથે મારા વ્યક્તિગત જીવનમાં પણ ઘણી ઉપયોગી બની રહી છે. બધા તાલીમ સત્રો સાતત્યપૂર્ણ રહ્યા હતા.

મને વિશ્વાસ છે કે આ તાલીમ સત્રથી મહેતા ગ્રુપના પ્રત્યેક કર્મચારીમાં ઘગશ અને ઉત્સાહ સાથે ઉત્પાદન વૃદ્ધિ આવશે અને તેઓ તે કરી બતાવશે."

**શ્રી ભાવેશ વારુ, મેનેજર, પ્રોડક્શન, એસસીએલ રાણાવાવ**

"ટીએમજી ખાતે તાલીમ અને વિકાસ મારા માટે સમૃદ્ધ બનાવનારો અનુભવ છે. કારણ કે તેનાથી ચોક્કસ કાર્યોને કેવી રીતે વધારે સારી રીતે પૂર્ણ કરવાની માહિતી અને સૂચનો આપવાની સાથે સાથે મારા જ્ઞાન અને કૌશલ્યમાં વધારો જ થયો છે.

તેમાં સંસ્થાના તેમજ તેમાં સંકળાયેલ દરેકની અને સમૂહોના લોકોમાં પ્રભાવ જોવા મળ્યો છે."

## કોર્પોરેટ ઓફિસમાં શ્રીમતી સૌદામિની મેનનને નિવૃત્તિની શુભકામનાઓ.




મહેતા ગ્રુપમાં સતત ૩૫ વર્ષથી ઉત્સાહપૂર્વક ફરજ બજાવતા શ્રીમતી સૌદામિની મેનન તા. ૨ એપ્રિલ, ૨૦૨૧ના રોજ નિવૃત્ત થયા હતા. તેઓએ તેમના સમયગાળામાં પ્રોજેક્ટસ, કાનૂની અને નાણાં સહિત અલગ અલગ વિભાગોમાં ફરજ બજાવી હતી.


**અમે તેઓને હવે પછીના સમયમાં આનંદભર્યું, સ્વાસ્થ્યવર્ધક અને સકારાત્મક જીવન જીવે તેવી શુભકામનાઓ પાઠવી છીએ.**

## નવા આગંતકોનું જીએસસીએલ, સિધ્ધિગ્રામ અને એસસીએલ, રાણાવાવ ખાતે સ્વાગત

### જીએસસીએલ, સિધ્ધિગ્રામ



ડો. શ્રીમતી વૈશાલી પી. બોઝ
ચીફ મેડિકલ ઓફિસર



શ્રી તરૂણ કુમાર અરોરા
ડેપ્યુટી મેનેજર - મિકેનિકલ



શ્રી પિન્ટુ કુમાર
કેમિસ્ટ

### એસસીએલ, રાણાવાવ



શ્રી ધર્મેશ ધોરિયાની
આસિસ્ટન્ટ મેનેજર - ઇન્સ્ટ્રુમેન્ટેશન




શ્રી દિલીપ કાલાવાડિયા
એન્જિનિયર - ઇન્સ્ટ્રુમેન્ટેશન



શ્રી જયેન્દ્રસિંહ વાઝા,
સુપરવાઇઝર - મિકેનિકલ



શ્રી કાજુલ વાડુકર
એન્જિનિયર - ઈલેક્ટ્રિકલ



શ્રી સાગર જે વારુ
ટ્રેઈની સીસીઆર - પ્રોસેસ



શ્રી ઉમંગ જોશી
ટ્રેઈનિ સીસીઆર - પ્રોસેસ



શ્રી આશિષ ડી. જોગલ
ટ્રેઈનિ - લેબ



શ્રી વિરમ ઓડેદરા
ટ્રેઈનિ - લેબ



શ્રી અરવિ સૈનિ
જુનિ. કેમિસ્ટ - લેબ

# HAPPY Mother's Day

# Happy Father's Day

## માતૃદિન અને પિતૃદિનના પ્રસંગ નિમિત્તે અદ્‌ભૂત કવિતા અને નિબંધોનો સંગ્રહ : જે આપણા પ્રિય વાચકોએ તેમના પ્રિય હીરો

## - તેમના પિતા અને સુપરવુમન તેમની માતા...



### મધર્સ ડે અને ફાધર્સ ડે નિમિત્તે કવિતા.
(આર્યા અને આયરા દ્વારા લિખિત, મુંબઈની કોર્પોરેટ ઓફિસના સિનિયર મેનેજર એચઆર, મિસ. નેહા જોશીની દીકરીઓ)

God could not be everywhere,

So he made my beautiful parents to take care of me,

I am so grateful to God,

For this gift from him to me,

They play with me, they make me laugh,

They are my teachers, friends and always in my thoughts,

I keep thanking God for this gift so awesome.


I will always treasure it come rain, winter or autumn

Happy Mother's and Father's Day Everyday

> One of the greatest titles in the world is parent, and one of the biggest blessings in the world is to have parents to call mom and dad.

## મારી માતા અને મારા પિતા

લેખિકા - મિસ. રુચા પી. વાજા, જીએસસીએલ, સિદ્ધિગ્રામના જન. મેનેજર એચઆર અને એડમિનિસ્ટ્રેશન શ્રી પંકજ વાજાની સુપુત્રી



**"मेरी माँ"**

माँ को तो ये पता है,
मेरी खुशियाँ और क्या ग़म सताये!
चुप ये आँख़े, उसे क्या बताए
कैसे? हाँ कैसे? कैसे मुमकिन है ये! आँखों से पढना?
इसी लिए तो माँ है, उस रब क़ी उत्तम रचना!

माँ है तू मेरी, तूने पढी है उलजने मेरे मनकी सदा,
मुजकों पता है दिलमें छिपी है, मेरे लिए लाखों दुआएं,

जान हूँ मैं तेरी, मुझसे जुडी हैं खुशियाँ सभी तेऱे मन की सदा,
तुझको पता है, दिलमें है क्या क्या, आधे-अधूऱे मेरे अरमान,
कर्ज है मुझ पे, हर एक सांस पे, मेरे जीवन पे माँ तेरा,
ऋणी रहेगी "रुचा" जीवन भर, इन सबके लिए मेरी माँ |

**"मेरे पापा"**

प्यारी ग़ज़गामिनी,
कई विषयों पर लिखा है पर, उनके लिए क्या लिखूं मैं?
आप फरमान रही है कुछ लिखूं मैं पर, उनके लिए क्या लिखूं मैं
आँसू छलक आते है, लफ्ज़ कही खो जाते है,
फिर भी कोशिश कर रही हुँ मैं, माँ शारदा को प्रार्थना कऱके
लब्जों का वरदान मांग रही हु मैं
हाँ वो जानते है क्या जगह है उनकी
मेरे मन में मेरे जीवन में
कृपा पाके, गजगामिनी! लिख सकी कुछ ऐसे मैं...

पर्फेक्ट से भी पर्फेक्ट है वो,
मेरी लाइफ के पहले हीरो है वो,
मेरी मंजिल की मजबूत नींव है वो,
कोई वझूद नहीं था बिन उनके, न ही मेरा कोई नाम था
आज मै जो भी हूँ "रुचा" इस नाम के पेड़ की अटूट जड़ है वो।
और कोई नहीं मेरे पापा है वो... हाँ मेरे पापा है वो ॥



## મારા હીરો, મારા પિતા માટે મારો પ્રેમ...

મિસ. શ્રીયા નિપુલસિંહ ઝાલા
શ્રી નિપુલસિંહ ઝાલા
ડેપ્યુટી મેનેજર - એચઆર,
જીએસસીએલ, સિધ્ધિગ્રામની
લાડકી પુત્રી....

હું તમને સૌને એ જણાવવા માગું છું કે હું મારા પિતાને ખૂબ પ્રેમ કરું છું અને આવા અદ્‌ભુત પિતા મળવા તે સૌથી મોટા આશીર્વાદ છે. તેઓ મારા અને અમારા પરિવાર માટે જે કરે છે, તેનાથી હું પ્રભાવિત છું.

તેઓ મારા જીવનમાં સૌથી પ્રભાવશાળી વ્યક્તિ છે. તેઓ ઊંચા લક્ષ્યો રાખે છે અને તે ગમે તેટલા અશક્ય અથવા અઘરા કામને પણ તેઓ સરળતાથી પૂર્ણ કરે છે. તેમનો મક્કમ નિર્ધાર ખરેખર પ્રશંસાને પાત્ર છે.

તેઓ આટલા પ્રશંસનીય શા માટે ? અન્ય બધા જ પિતાની માફક તેઓ પણ સખત મહેનત કરે છે અને હંમેશા અમારી જરૂરિયાતોને અગ્રિમતા આપે છે. મારી અને મારા ભાઈની તમામ ઇચ્છાઓ પૂર્ણ કરવા માટે તેઓ કોઈ કસર છોડતા નથી.

મારે તમને એ કહેવું છે કે તેઓ અમારા માટે રસોઈ કરવાનું પણ શીખ્યા છે! જો વિશ્વમાં શ્રેષ્ઠ પિતા માટે કોઈ એવોર્ડ અપાતો હોય તો મારા પિતા ચોક્કસ તેને લાયક છે.

તેમની કામ કરવાની રીતભાતને હું આવકારું છું... તેમના પ્રત્યેક કાર્યમાં આત્મવિશ્વાસ અને પોતાના પ્રત્યે આદરની લાગણી છલકે છે. તેઓ પોતાના આત્મ-સન્માન અને જીવનના સિધ્ધાંતો સાથે સમાધાન કરીને કોઈ પણ પરિસ્થિતિ અથવા દબાણ સામે ઝૂકી જતા હોય તે મારા જોવામાં આવ્યું નથી...

હું મારા પિતા પાસેથી આવી બાબતો શીખવવા સદ્‌ભાગી છું. હંમેશા તેમના તરફ જોઈને તેમના જેવા શ્રેષ્ઠ બનવા પ્રયાસ કરું છું...

મારા પિતા હંમેશા વાસ્તવિકતા સાથે જોડાયેલા રહે છે, હંમેશા વિનમ્ર રહે છે. મારા જીવનમાં હીરો તરીકે તેમના જેવા પિતા મેળવવા માટે હું સદનસીબ અને બડભાગી છું...

મારા પિતા મારા આદર્શ છે, જેમના પર હું આધાર રાખું છું, મારા પિતા, હું તમને સદાય પ્રેમ કરતી રહીશ...

બધાને હેપ્પી ફાધર્સ ડે !



## પાપાને પત્ર

ડો. રિતુ રાંદડ
શ્રી દિનેશ રાંદડ
ડાયરેક્ટર-વર્ક્સ
જીએસસીએલ, સિધ્ધિગ્રામની
લાડકી પુત્રી

તમે કેટલા અદ્‌ભુત છો પિતાજી !

હું જાણું છું કે તમે કેટલા વિનમ્ર છો, પરંતુ તમે ખરેખર એવોર્ડ મેળવવાને લાયક છો. તમે જે કાંઈ કરો છો એ બધામાં તમે વિશિષ્ટ-શ્રેષ્ઠ છો.

મેં તમને સદા પ્રેમાળ અને લાગણીસભર, સહૃદયી નરમદિલ, સૌથી સારી સંભાળ લેનારા અને મારા પ્રત્યે વિચારશીલ નિહાળ્યા છે. આનાથી મને ગર્વ થાય એટલું જ નહીં, મારા જીવનમાં જે ભેટ પ્રાપ્ત થઈ છે તેનું સ્મરણ કરતા શીખવ્યું છે.

તમારા પ્રત્યે મારા અસીમિત પ્રેમનું વર્ણન કરવા કોઈ જ શબ્દો નથી. તમે મને હસીને લોટપોટ કરી દેતા જોક્સ અને વાર્તા કહેવા ઉપરાંત, ઘણી બાબતોને મજાકમાં લેતા હો છો ત્યારે મને બહુ ગમે છે. તમે મને એટલી આનંદિત કરો છો કે હું તમને જે નજરે નિહાળું છું તેમ કોઈ કદી જોઈ નહીં શકે. હું ડેડીની લાડકડી દીકરી છું અને આપણો સંબંધ અમૂલ્ય છે.

તમે હંમેશા મારા આદર્શ રહ્યા છો. મેં તમારા જેવા અને તમારી માફક સ્વતંત્ર વ્યક્તિ બનવા પ્રયાસ કર્યા છે.

તમે કદી ભીડની પાછળ દોડ્યા નથી, અને પરિસ્થિતિઓ અને સંજોગોને ધ્યાનમાં લીધા વિના જ તમને જે યોગ્ય લાગે છે તે જ કરો છો. ખાસ કરીને આપણી આસ્થાની બાબતમાં તમારો જે ગુણ મારામાં ઉતર્યો છે.

તમારા ચરિત્રમાં સૌથી અનોખી વાત તે તમારી રમૂજ છે. તમારી રમૂજે મને ઘણી પરીક્ષાઓમાંથી પસાર કરાવી છે. તમે જીવનમાં જે પદ્ધતિસર કાર્ય કરો છો, તેને લોકો મારામાં પણ જોઈ રહ્યા છે. તમે મારી શક્તિનું પ્રેરણાસ્રોત છો.

મારા જીવનમાં સાચા માનવીના અદ્‌ભુત ઉદાહરણ હોવા બદલ હું કદી આપનો ખરા દિલથી આભાર વ્યક્ત કરી શકીશ નહીં...

તમને કાયમ પ્રેમ કરતી...

તમારી ગર્વિષ્ઠ દીકરી
ડો. રીતુ રાણદાદ.

# .REVIEWS

## આનંદો...! આપણું મનોબળ વધારતા આ કેટલાક શબ્દો છે !

**મિસ પ્રિસિલ્લા નાઝારેથ, સિનિયર ઓફિસર, એકાઉન્ટન્ટ્સ, કોર્પોરેટ ઓફિસ, મુંબઈ ગજગામિની ટીમને અભિનંદન પાઠવતા લખે છે-**

ગજગામિનીનું મુખપૃષ્ઠ આ વખતે ઘણું સુંદર લાગે છે અને એક પછીના એક અંકમાં વધારે ને વધારે સારું થતું જાય છે.. તમે તમામ સ્થળોને સારી રીતે આવરી લીધા છે. ફોટા પણ એકદમ બરોબર અને સુંદર છે અને વિવિધ વિષયો પર માહિતી આપવાની તમારા પ્રયાસો ખરેખર આવકારદાયક છે. આપણે કોરોનાની મહામારીમાં હોવા છતાં તમામ પ્લાન્ટ્સમાં શું થઈ રહ્યું છે તે જોઈ શક્યા અને વિવિધ તહેવારોને પણ આવરી લેવાયા છે. તમે ખરેખર સુંદર કાર્ય કર્યું છે.

ન્યૂઝલેટરમાં તમારું મહેનતભર્યું કામ દેખાઈ રહ્યું છે. તમારી રજૂઆતો માટે તમે ખરેખર એવોર્ડને પાત્ર છો.

**ગજગામિનીને વધારે મહત્ત્વપૂર્ણ વાંચવાલાયક બનાવવા માટે ખૂબ ખૂબ અભિનંદન**

**શ્રી એસ.ડી. ખૂંટી, મેનેજર, (ઈલેક્ટ્રિકલ), એસસીએલ, રાણાવાવ વિસ્તારપૂર્વક લખે છે કે -**

ગજગામિનીના અગાઉના અંકે મને એટલો પ્રભાવિત કર્યો કે, એક જ બેઠકે પહેલાથી છેલ્લા પાના સુધી વાંચવાનું રોકવાનું મન જ ન થયું.

અંકમાં ખરેખર ઘણી જ રસપ્રદ માહિતી હતી એમાંય ખાસ કરીને મહેતા ગ્રૂપની વિશેની માહિતી જાણે નાઈટ રાઈડર્સ ગ્રૂપના સ્મરણોમાં ખોવાઈ જઈએ. યોજાયેલી અન્ય સંખ્યાબંધ પ્રવૃત્તિઓ, મહામારીના ગાળામાં એચઆર ટીમ દ્વારા ઓનલાઈન પ્લેટફોર્મ પર ‘લર્નિંગ અને ડેવલપિંગ’માં આપણા જ્ઞાનને વિકસાવવા સહિત હાંસલ કરાયેલી સિદ્ધિઓ.

અહીં હું પોતાના ક્ષેત્રોમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરનારાઓને અભિનંદન પાઠવવાનું ભૂલીશ નહીં.

**આ ઉપરાંત, તમામ વિષયો અને માહિતીની પ્રભાવશાળી રજૂઆત કરાયેલી છે.**

**શ્રી સુભાષ ખન્ના, ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર - ઓપરેશન્સ અને પ્રોજેક્ટસ, કોર્પોરેટ ઓફિસ, મુંબઈ. તેઓ ઉમેરે છે કે -**

ગજગામિની મોકલવા બદલ આભાર.

ચોક્કસપણે કોવિડના કારણે જ અંકને વિલંબ થયો છે. આમ છતાં, સારા પ્રમાણમાં તસવીરો પ્રગટ કરી છે અને લેખો ઘણા જ સારા છે.

સમય પસાર થઈ રહ્યો છે ત્યારે મારા ઘણા પરિચિતો ધીમે ધીમે નિવૃત્ત થઈ રહ્યા છે. ફોટાઓમાં હવે ઓછા જાણીતા લોકો જોવા મળે છે.

પરંતુ, આ જ તો જીવન છે !!!

**સલામત રહો અને જીવનને માણો...**

**શ્રી સંજય જોશી, એવીપી-એચઆર એન્ડ એડમિન., એસસીએલ રાણાવાવ**

તેઓ લખે છે કે ગજગામિનીમાં વિષયોની ગુણવત્તા ખરેખર શ્રેષ્ઠ જ છે. અગાઉ કરતાં વધારે સુંદર અને આકર્ષક. ડિઝાઈન અને લખાયેલા લેખોના પ્રવાહથી હું ઘણો જ પ્રભાવિત થયો છું...

**ટીમને મારી સલામ...!**

**શ્રી પ્રવિણ સિદ્ધપુરા, ડેપ્યુટી મેનેજર, ક્યૂસી, એસસીએલ, રાણાવાવ તેઓ ઉમેરે છે કે -**

ગજગામિની દરેક અંક સાથે વધારે સરસ બનતું જાય છે. તેના વિષયોમાં પ્રોફેશનાલિઝમનું સ્તર તથા ડિઝાઈન વધુ સારા બની રહ્યા છે.

**ટીમને મારા અભિનંદન...!**

## કોવિડના ડરને હરાવવાના સોનેરી વાક્ય






RISING STAR

**મિસ. જોય શિમ્પી -**

શ્રી મિતેશ શિમ્પી - ડેપ્યુટી જનરલ મેનેજર, સિક્યુરિટીના પુત્રીએ હોલિડે એડવેન્ચર્સ એક્ટિવિટીઝ હેઠળ ફીટ ઈન્ડિયા સ્પર્ધામાં વર્ચ્યુઅલ સાઈકિલગમાં ભાગ લીધો હતો. અને ગાંધી જયંતિના આરંભે ૨૫ કિ.મી. સાઈકલીંગનું કાર્ય પૂર્ણ કર્યું હતું.

**જોય અને તેમના ગૌરવવંતા માતા-પિતાને અભિનંદન...!**

આ અંકથી આપણે આપણાં નાનકડાં વાચકો માટે થોડા આશ્ચર્યો લઈને આવીશું, જે તેમને પ્રવૃત્તિમય રાખશે. વાર્તાઓ, સ્પર્ધાઓથી માંડી તમારી જાતે કરોના ક્રાફ્ટ ટ્યૂટોરિયલ્સ સહિત બાળકો માટે ઘણી રસપ્રદ બાબતો લઈને આવીશું.

આ વિભાગને વધુ રસપ્રદ બનાવી શકાય તે માટે સૂચનો આવકાર્ય છે !

## Introducing - CHILDREN's CORNER

### ચતુર માછીમાર !



ઘણા વર્ષો પહેલા એક રાજા ભવ્ય મહેલમાં રહેતા હતા. એક વખત તેમને ભવ્ય ભોજન આપવાની ઈચ્છા થઈ. હવામાન એટલું ખરાબ હતું કે એક માછલી પણ પકડી શકાય તેમ ન હતી.

પરંતુ ભોજન સમારંભની સવારે એક ગરીબ માછીમાર મોટી માછલી લઈને આવી પહોંચ્યો. રાજા તો ઘણો ખુશ થયો અને તેણે માછીમારને જ માછલીની કિંમત લગાવવા કહ્યું. માછીમારે કહ્યું, "મારી ખુલ્લી પીઠ પર ૧૦૦ કોરડા મારવામાં આવે તે જ આની કિંમત છે." રાજાએ કહ્યું, "મારે તો તને નાણાં આપવાનું ઘણું ગમશે, પરંતુ મારે આ માછલી લેવી જ છે, તેથી તું જે કહીશ તે હું કરીશ."

જ્યારે માછીમાર ૫૦ કરોડા ખાઈ લીધા, પછી મોટેથી કહ્યું, "જરા રોકાઈ જાવ, મારો એક ભાગીદાર છે, જેને પણ તેનો હિસ્સો મળવો જોઈએ." રાજાએ પૂછ્યું, "શું આ પૃથ્વી પર બે મૂર્ખ હોઈ શકે ? બીજા મૂર્ખને બોલાવો."

માછીમારે કહ્યું, "બીજો મૂર્ખ તમારો દ્વારપાળ જ છે. મને આ માછલી માટે જે ઈનામ આપવામાં આવે તેમાંથી અડધો હિસ્સો આપવાની ખાતરી ન આપું ત્યાં સુધી તેણે મને અંદર આવવા દીધો નહીં."

દ્વારપાળને ૫૦ કોરડા મારી લીધા પછી તેને હાંકી કાઢ્યો અને રાજાએ ડાહ્યા, ચતુર માછીમારને મોટું ઈનામ આપી ખુશ કરી દીધો.

વાર્તાનો બોધપાઠ : કદી આવેશમાં આવી લડવું નહીં. ધીરજ ધરીને વિચારશો તો તમને ચોક્કસ વિજય મળશે. માછીમાર દ્વારપાળ સાથે લડી શક્યો હોત, પરંતુ તે શાંત રહ્યો અને એવો માર્ગ વિચાર્યો, જેથી દ્વારપાળ રાજી થઈને તેને અંદર જવા દે. દ્વારપાળે તેની સાથે ખરાબ વ્યવહાર કર્યો, ત્યારે ચતુર માછીમારે તેને સજા આપવાનો સરસ માર્ગ શોધી કાઢ્યો.

અભિનંદન...!

## ગયા અંકના ઉખાણા - કોયડાના પ્રશ્નોના વિજેતાઓને અભિનંદન...!

શ્રી નિપુલસિંહ ઝાલા, ડેપ્યુટી મેનેજર-એચઆર, જીએસસીએલ સિદ્ધિગ્રામ

મિસ. પ્રિસિલ્લા નાઝારેથ, સિનિયર ઓફિસર-એકાઉન્ટસ, કોર્પોરેટ ઓફિસ, મુંબઈ

**નીચેના ઉખાણાઓના ઉત્તર અમને મેઈલ કરીને મોકલો.**
**સાચા ઉત્તર સાથેના પ્રથમ ત્રણ ઈ-મેઈલ આકર્ષક ઈનામો જીતી શકશે.**
**તમારા ઉત્તરોના ઇ-મેઈલ neetam@mehtagroup.com મોકલી આપશો.**




- તમે તેને આપો નહીં ત્યાં સુધી રાખી શકો નહીં, બોલો તે શું હશે ?
- પક્ષીઓના આ જૂથમાં કયું પક્ષી અલગ પડે છે ?
  મુનિયા, ગુલ, ગરુડ, શાહમૃગ અને ચકલી
- જેટલું તે સૂકવે તેટલું જ તે ભીનું થતું જાય, બોલો તે શું હશે ?
- ૨૦મી સદીની મધ્યમાં એવું શું થયું, જે ૪૦૦૦ વર્ષ સુધી ફરી થશે નહીં ?
- ખાલી બાસ્કેટમાં તમે કેટલા ઈંડા મૂકી શકો ?

RIDDLES
કોયડાઓ

**અમારા વાચકોને કોઈ પણ મનોરંજક વાર્તા / સ્પર્ધા-કોયડા / ફીડબેક / સૂચનો ઉપરોક્ત ઈમેઈલ પર મોકલી આપવા આમંત્રણ છે.**

પ્રકાશન : ધ મહેતા ગ્રુપ, એન.કે. મહેતા ઇન્ટરનેશનલ હાઉસ, ૧૭૮ બેકબે રિક્લેમેશન, બાબુભાઈ ચિનાઈ માર્ગ, મુંબઈ-૪૦૦૦૨૦. ઇન્ડિયા | www.mehtagroup.com

સંપાદકઃ નીતા મંગલુરકર
અમારી સંવાદદાતા ટીમ : પંકજ વાજા, નિપુલ ઝાલા, એચ. એમ. ખુંટી, સેન્થિલકુમાર અને લેફ. કોલ. ભૂષણ મહેતા (રિટાયર્ડ)
ડિઝાઇન : મીતા શાહ - એ એન્ડ એમ એન્ટરપ્રાઈઝ, અમદાવાદ

અમારા કન્ટેન્ટ અને સંપાદકીય સલાહકાર : શ્રી પ્રકાશ કુંતે, શ્રી સુરેશ કોઠારી ઝૈનાબ એસ. કાઝી
મુદ્રણ : પ્રિન્ટ વિઝન પ્રા. લિ., અમદાવાદ | www.printvision.in